અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૪ મે ૨૦૨૪, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૦, વૈશાખ વદ ૧

વર્ષ : ૧૫
અંક : ૨૯૩

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### હરિયાણામાં વડાપ્રધાન મોદીએ કોંગ્રેસને બરાબર ઝાટકી

# સાત જન્મમાં પણ નહીં બને કોંગ્રેસની સરકાર : વડાપ્રધાન







## વિપક્ષી ગઠબંધન ઈન્ડિયા પર નિશાન સાધતા તેમણે કહ્યું કે ગાયે દૂધ હજી આપ્યું નથી કે ઘી ખાવા માટે ગઠબંધનના લોકો વચ્ચે લડાઈ શરૂ થઈ ગઈ છે

। (એજન્સી) મહેન્દ્રગઢ, તા.૨૩ ।

લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કાના પ્રચાર માટે હરિયાણાના મહેન્દ્રગઢ પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે કોંગ્રેસની સરકાર ૭ જન્મોમાં પણ બનવાની નથી. કોંગ્રેસને આપવામાં આવેલ દરેક વોટ નકામાં રહેશે. વિપક્ષી ગઠબંધન ઈન્ડિયા પર નિશાન સાધતા તેમણે કહ્યું કે ગાયે દૂધ હજી આપ્યું નથી કે ઘી ખાવા માટે ભારત ગઠબંધનના લોકો વચ્ચે લડાઈ શરૂ થઈ ગઈ છે. કહેવાય છે કે પાંચ વર્ષમાં પાંચ પીએમ થશે. પાંચ વર્ષમાં પાંચ પીએમ, હરિયાણાના લોકો ૫૦૦૦ જોક્સ બનાવશે. ઈન્ડિયા ગઠબંધનના લોકો અત્યંત સાંપ્રદાયિક, અત્યંત જાતિવાદી, અત્યંત કુટુંબ આધારિત છે. હરિયાણા સાથેના પોતાના લગાવ વિશે વાત કરતા પીએમ મોદીએ કહ્યું, "મને રાજનીતિની સમજ હરિયાણા અને પંજાબમાંથી પણ મળી છે. હું ૧૯૯૫માં હરિયાણા આવ્યો હતો. મેં અહીંની માતાઓ અને બહેનોના હાથનું ભોજન ખાધુ છે. તમામ ભારત વિરોધી શક્તિઓ છે. તમામ ભારત વિરોધી તાકાત લાગતી રહે છે પરંતુ મોદી તેમના ઝૂકાયા ઝૂકતો નથી. હજી તો મોદીએ તમારુ ઋણ ચુકવવા માટે ઘણું કામ કરવાનું છે. આપણા હરિયાણાને નવી ઉંચાઈએ લઈ જવાનું છે. તેના માટે જરૂરી છે ફીર એક બાર મોદી સરકાર.



### રામ રામ વગર હરિયાણામાં કોઈ કામ થતું નથી : મોદી

**કોંગ્રેસ પર પ્રહાર કરતા વડાપ્રધાને કહ્યું તેઓએ દેશના ભાગલા પાડ્યા. તેઓએ એક ભારત, બે મુસ્લિમ રાષ્ટ્રો બનાવ્યા અને હવે ઈન્ડીવાળા કહી રહ્યા છે કે બાકીના ભારત પર પણ પહેલો અધિકાર મુસ્લિમોનો છે. આંબેડકરે આપેલું આરક્ષણ છીનવીને તેઓ વોટ જેહાદ કરનારાઓને આપવા માંગે છે. તેમણે કલકત્તા હાઈકોર્ટના આદેશનો ઉલ્લેખ કરતા કહ્યું કે બંગાળની હાઈકોર્ટનો ચુકાદો આવી ગયો છે. બંગાળમાં પણ એસસી, એસટી, ઓબીસી વિરુદ્ધ ઈન્ડી જમાતની માનસિકતા છતી થઈ છે. જે આરક્ષણ ઓબીસીને મળી રહ્યું હતું તે આરક્ષણ તેઓ મુસ્લિમો અને ઘુસણખોરોને આપી રહ્યાં હતા. જો કદાચ કોર્ટ ન હોત તો આ દલિત, આદિવાસીઓ શું કરત. બંગાળના સીએમએ જાહેરાત કરી દીધી છે કે તેઓ હાઈકોર્ટનો ચુકાદો માનશે નહીં. તે ઓબીસીનું આરક્ષણ મુસ્લિમોને આપીને રહેશે. આ લોકો પોતાની વોટ બેક્ક સાથે ઉભા છે, તમારી સાથે કોણ ઉભું રહેશે.**

### ન્યૂઝ બ્રિફ

## દિનેશ કાર્તિકે આઈપીએલમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય કર્યો છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

દિનેશ કાર્તિકે એટલે કે ડીકેએ ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય કર્યો છે. જો કે દિનેશ કાર્તિકે આની જાહેરાત કરી ન હતી. પરંતુ લાઈવ ટીવી પ્રસારણ દરમિયાન એવી માહિતી મળી હતી કે દિનેશ કાર્તિકે આઈપીએલની સફર ખતમ કરી દીધી છે. તેની ૧૬ વર્ષની IPL સફરમાં કાર્તિક ૬ IPL ટીમો માટે રમ્યો હતો. એલિમિનેટર મેચ બાદ જે રીતે કાર્તિક તેના સાથી ખેલાડીઓને મળ્યો અને દર્શકોનું અભિવાદન કર્યુ, તે નક્કી થઈ ગયું છે કે હવે કાર્તિકની આઈપીએલ સફરનો અંત આવી ગયો છે.બુધવારે (૨૨ મે) ના રોજ IPL ૨૦૨૪ એલિમિનેટરમાં RCB રાજસ્થાન સામે હારી ગયા પછી, અનુભવી વિકેટકીપર-બેટ્સમેન દિનેશ કાર્તિકે સંકેત આપ્યો કે આ તેની છેલ્લી IPL મેચ છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી પ્લેઓફ (એલિમિનેટર) મેચમાં રાજસ્થાન રોયલ્સ સામે હાર્યા બાદ, દિનેશ કાર્તિક વિશે લાઇવ ટીવી પર જાહેરાત કરવામાં આવી હતી કે તે તેની IPL સફર સમાપ્ત કરી રહ્યો છે. આ દરમિયાન દિનેશ કાર્તિકે તેના કીપિંગ ગ્લવ્ઝ ઉતાર્યા, ચાહકોએ તાળીઓના ગડગડાટથી તેનું સ્વાગત કર્યુ. સ્ટેડિયમમાં ડીકે, ડીકેના નારા પણ લગાવવામાં આવ્યા હતા. રોવમેન પોવેલે એલિમિનેટર મેચમાં રાજસ્થાન માટે વિનિંગ રન બનાવતા જ ૩૮ વર્ષીય દિનેશ કાર્તિકે વિરાટ કોહલીને ગળે લગાવ્યો.

### ૨ વર્ષ પહેલા ઘરો પર બુલડોઝર ચલાવાયું હતું । પાંચ પરિવારોને 30 લાખ રૂપિયાનું વળતર આપ્યું છે

## હિમંત બિસ્વા સરમા સરકારને લાખો રૂપિયા ચૂકવવા પડ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

આસામ સરકારને યુપીના સીએમ યોગી આદિત્યનાથનું બુલડોઝર મોડલ ખૂબ જ મોંઘુ લાગ્યું છે. બુલડોઝરની કાર્યવાહીના કારણે હવે હિમંત બિસ્વા સરમા સરકારને લાખો રૂપિયા ચૂકવવા પડ્યા હતા. હકીકતમાં, આસામ સરકારે ૨ વર્ષ પહેલા જેમના ઘરો પર બુલડોઝર ચલાવવામાં આવ્યું હતું તેવા પાંચ પરિવારોને ૩૦ લાખ રૂપિયાનું વળતર આપ્યું છે. આ પરિવારો પર પોલીસ સ્ટેશનને સળગાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. બે વર્ષ પહેલાં, અધિકારીઓએ નાગાંવ જિલ્લામાં એક પોલીસ સ્ટેશનને સળગાવવામાં તેમની કથિત સંડોવણી માટે પોલીસને બુલડોઝ કરી હતી. પરંતુ હવે કોર્ટના આદેશ બાદ સરકારે વળતર આપ્યું છે. આસામની હિમંત બિસ્વા સરમા સરકારે પણ સફીકુલ ઈસ્લામના પરિવારને ૨.૫ લાખ રૂપિયાનું વળતર મંજૂર કર્યું છે. સફીકુલ ઈસ્લામનું પોલીસ કસ્ટડીમાં મોત થયું હતું. આ ઘટનાને પગલે સ્થાનિકોએ બતાદ્રવ પોલીસ



સ્ટેશનને આગ ચાંપી દીધી હતી. આસામ સરકારના વકીલે બુધવારે ગૌહાટી હાઈકોર્ટને આ અંગે જાણકારી આપી હતી. વરિષ્ઠ સરકારી વકીલ ડી નાથે મુખ્ય ન્યાયાધીશ વિજય બિશ્નોઈ અને ન્યાયમૂર્તિ સુમન શ્યામની ડિવિઝન બેંચને એમ પણ કહ્યું હતું કે સફીકુલ ઈસ્લામનો પરિવાર હજી સુધી વારસદારનું પ્રમાણપત્ર રજૂ કરી શક્યો નથી. સર્ટિફિકેટ જમા કરાવતાં જ સત્તાવાળાઓ વળતરની રકમ જાહેર કરી દેશે. તેમણે હાઈકોર્ટને એમ પણ કહ્યું હતું કે, નાગાંવ પોલીસ અધિક્ષકે સોમવારે અન્ય પાંચ પરિવારોને વળતર ચૂકવ્યું હતું. હકીકતમાં, ૨૧ મે, ૨૦૨૨ ના રોજ, માછલી વેચનારા ઈસ્લામનું પોલીસ કસ્ટડીમાં મોત નીપજ્યું હતું. આ પછી, કેટલાક લોકોના ટોળાએ નાગાંવ જિલ્લાના સલોનાબારી ગામમાં બાટાદ્રવા પોલીસ સ્ટેશનમાં આગ ચાંપી દીધી હતી. બીજા દિવસે આસામ સરકારની બુલડોઝર કાર્યવાહી જોવા મળી હતી. અધિકારીઓએ અગ્નિદાહની ઘટનામાં કથિત રીતે સંડોવાયેલા પાંચ પરિવારોના મકાનો તોડી પાડ્યા હતા. પોલીસે મકાનોને ગેરકાયદેસર ગણીને બુલડોઝરની કાર્યવાહી કરી હતી. ત્યારે પોલીસે જણાવ્યું હતું કે, તોડી પાડવામાં આવેલા મકાનો એવા લોકોના હતા જેઓ ત્યાં ગેરકાયદેસર રીતે અથવા બનાવટી દસ્તાવેજો સાથે સ્થાયી થયા હતા. ગૌહાટી હાઈકોર્ટે ગયા વર્ષે ઘરો પર બુલડોઝર કાર્યવાહીની સુઓ મોટુ નોંધ લીધી હતી. હાઈકોર્ટમાં તત્કાલીન શેફ જસ્ટિસ આર. એમ.છાયાની આગેવાની હેઠળની બેન્ચે કહ્યું હતું કે આ કાર્યવાહી ગેરકાયદે છે.

### સેન્સેક્સમાં ૧૨૦૦ પોઈન્ટનો ઉછાળો

## આજના સત્રના અંતે સેન્સેક્સ ૭૫,૪૧૮ પર બંધ રહ્યો હતો

### નિફ્ટી ૩૭૦ પોઈન્ટ વધ્યો, ૨૨,૯૬૭ પર બંધ થયો

। (એજન્સી) મુંબઈ, તા.૨૩ ।

ગુરુવારે શેરબજારમાં જોરદાર તેજી આવી હતી જેમાં બીએસઈ સેન્સેક્સ અને નિફ્ટી ૫૦ ઈન્ડેક્સમાં એવો ઉછાળો આવ્યો કે બંને લાઈફ ટાઈમ હાઈ સપાટી પર પહોંચી ગયા હતા. સેન્સેક્સ લગભગ ૭૫,૫૦૦ની ઉપર બંધ આવ્યો હતો જ્યારે નિફ્ટી ૨૩,૦૦૦ની સપાટીથી સહેજ નીચે રહી ગયો હતો. સેન્સેક્સમાં આજે લગભગ ૧૨૦૦ પોઈન્ટનો કૂદકો જોવા મળ્યો છે. આજના સત્રના અંતે સેન્સેક્સ ૭૫,૪૧૮ પર બંધ હતો. સેન્સેક્સ ૧૧૯૭ પોઈન્ટ અથવા ૧.૬૧ ટકા વધ્યો હતો અને નિફ્ટી ૩૭૦ પોઈન્ટ અથવા ૧.૬૪ ટકા વધ્યો હતો અને ૨૨,૯૬૭ પર બંધ થયો હતો. આજે ટ્રેડિંગ સત્રની શરૂઆત થઈ તે અગાઉ રોકાણકારોએ યુએસ ફેડના વડા અને રિઝર્વ બેક્કના વડાના વલણને જોયું હતું અને તેના આધારે દાવ લગાવ્યો હતો. રિઝર્વ બેક્ક ઓફ ઈન્ડિયા દ્વારા સરકારને ૨.૧૦ લાખ કરોડ રૂપિયાનું ડિવિડન્ડ આપવાની જાહેરાત થઈ છે જે એક રેકોર્ડ છે. આ બાબતને રોકાણકારોએ બહુ ગંભીરતાથી લીધી છે અને બજારમાં તેના કારણે ઉછાળો આવ્યો છે. સાથે સાથે નિફ્ટી એક ટકા કરતા વધુ વધ્યો હતો અને ૨૨,૯૦૦ની સપાટી પાર કરી હતી તથા નવી ઓલ ટાઈમ હાઈ સપાટી બનાવી હતી.ઈકરાના ચીફ ઈકોનોમિસ્ટ અદિતી નાયરે કહ્યું કે બજેટના અંદાજ કરતાપણ વધુ આરબીઆઈ સરપ્લસ ટ્રાન્સફર થવાના કારણે સરકાર પાસે રિસોર્સમાં વધારો થશે અને સરકાર વધારે ખર્ચ કરી શકશે. આ ઉપરાંત રાજકોષીય ખાધની સ્થિતિ પણ અંકુશમાં આવશે. સરકાર પાસે ડિવિડન્ડ તરીકે એટલી મોટી રકમ આવવાની છે કે સરકારે હવે ઓછું ઋણ લેવું પડશે. તેના કારણે બોન્ડ યીલ્ડ ઘટી છે અને બેંકિંગ કંપનીઓના શેર માટે આ બહુ સારી વાત છે. આજે નિફ્ટી બેક્ક ઈન્ડેક્સ ૧.૬ ટકા વધ્યો હતો જ્યારે પીએસયુ રેલ એન્ડ ડિફેન્સ શેરોમાં ઝડપી વધારો જોવા મળ્યો છે. જીઆરએસઈ, કોચિન શિપયાર્ડ, મઝગાંવ ડોકના શેર ૨૦ ટકા સુધી વધ્યા હતા. પીએસયુ રેલ કંપનીઓના શેરમાં ૭થી ૮ ટકા સુધી વધારો થયો હતો. ચાલુ મહિનામાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા બજારમાંથી ભારે વેચવાલી ચાલુ છે. છતાં એનાલિસ્ટ્સને અપેક્ષા છે કે હવે વિદેશી રોકાણકારો પણ ખરીદી શરૂ કરી શકે છે.

### સ્ટેજ પવનના ઝાપટાને કારણે સ્ટેજ તૂટી પડ્યું હતું

## મેક્સિકોમાં રાજકીય રેલી દરમિયાન સ્ટેજ તૂટી પડતા નવ લોકોના મોત

। (એજન્સી) મેક્સિકો,તા.૨૩ ।

મેક્સિકોમાં હાલમાં ચૂંટણી પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. દેશમાં ૨ જૂને મતદાન થવાનું છે, જેના માટે તમામ પક્ષો ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે. ત્યારે ન્યુવો લિયોન રાજ્યના સૈન પેડ્રો ગાર્ઝા ગાર્સિયા શહેરમાં બુધવારે સાંજે સિવિક મૂવમેન્ટ પાર્ટીની રેલી દરમિયાન સ્ટેજ તૂટી પડતાં ઓછામાં ઓછા નવ લોકોનાં મૃત્યુ થયાં હતાં અને અન્ય લોકો ઘાયલ થયાં હતાં. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. પાર્ટીના પ્રમુખપદના ઉમેદવાર જોર્જ અલ્વારેઝ મેનેઝે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, સાન પેડ્રો ગાર્ઝા ગાર્સિયા શહેરમાં આયોજિત કાર્યક્રમનું સ્ટેજ પવનના ઝાપટાને કારણે તૂટી પડ્યું હતું. અલ્વારેઝે વધુમાં કહ્યું હતું કે, સારવાર બાદ હવે તે ઠીક છે. જો કે તેની ટીમના ઘણા સભ્યોને ઈજા થઈ છે. આ ઘટના મેક્સિકોમાં મતદાનના થોડા દિવસ પહેલા બની હતી. આ દુર્ઘટના બાદ સિટીઝન મુવમેન્ટ પાર્ટીની તમામ ચૂંટણી સભાઓ સ્થગિત કરી દેવામાં આવી છે.

### ત્રણ જવાનોના મોતથી ભારે હડકંપ

## નદીમાં ડૂબી ગયેલા બાળકોને બચાવવા જતાં SDRFની બોટ પણ પલટી થઈ

। (એજન્સી) અહેમદનગર, તા.૨૩ ।

મહારાષ્ટ્રના અહેમદનગરમાં પ્રવરા નદીમાં બે બાળકો ડૂબી ગયા હતા. ડૂબી ગયેલા બાળકોને શોધવા માટે એસડીઆરએફના જવાનો પ્રવરા નદીમાં બોટ લઈ ઉતર્યા હતા. આ દરમિયાન જોરદાર વહેણને કારણે ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની બોટ પોતે જ પાણીમાં ડૂબી ગઈ અને ત્રણ જવાન મૃત્યુ પામી જતાં હડકંપ મચી ગયો. આ ઘટનામાં બે જવાનો પણ ગુમ છે, જેમની શોધખોળ ચાલી રહી છે. ખરેખર તો બે બાળકોના ડૂબવાની માહિતી મળ્યા પછી SDRF ટીમને સ્થળ પર બોલાવવામાં આવી હતી. શોધખોળ અભિયાન દરમિયાન એક બાળકનો મૃતદેહ પણ મળી આવ્યો હતો અને બીજાનો મૃતદેહ મળ્યો ન હતો, તેથી SDRF ટીમે ૨૩ મેના રોજ સવારે ૬ વાગ્યાથી ફરી સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. આ સમગ્ર ઘટનામાં અત્યાર સુધીમાં પાંચ લોકોના મોત થઈ ચૂક્યા છે, જેમાં બે બાળકો અને ત્રણ જવાનનો સમાવેશ થાય છે. થોડા દિવસો પહેલા ગામના બે બાળકો નદીમાં ડૂબી ગયા હતા.

### બાથરૂમમાં પગ લપસતા હોસ્પિટલમાં દાખલ હતા

## મહારાષ્ટ્રમાં કોંગ્રેસ ધારાસભ્ય પીએન પાટીલનું અવસાન થયું

। (એજન્સી) મુંબઈ, તા.૨૩ ।

લોકસભા ચૂંટણી વચ્ચે મહારાષ્ટ્રથી એક દુખદ સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રદેશ ઉપાધ્યક્ષ અને કરવીર વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય પીએન પાટીલનું આજે નિધન થયું છે. પ્રાથમિક માહિતી મુજબ પીએન પાટીલનું આજે એટલે કે ૨૩ મેની વહેલી સવારે ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. પીએન પાટીલે ૭૧ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા હતા. નોંધનિય છે કે, બાથરૂમમાં લપસી જતાં છેલ્લા ચાર દિવસથી તેમની સારવાર ચાલી રહી હતી. બાથરૂમમાં પગ લપસી જતાં તેને માથામાં ગંભીર ઈજા થઈ હતી. મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રદેશ ઉપાધ્યક્ષ અને કરવીર વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય પીએન પાટીલ તેમના જીવનભર ગાંધી પરિવારના વિશ્વાસુ તરીકે જાણીતા હતા. પીએન પાટીલ ગયા રવિવારની સવારે બાથરૂમમાં લપસી જતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત બન્યા હતા. જે બાદમાં એક ખાનગી હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી. જોકે ૪ દિવસની સારવારને અંતે આજે તેમનું નિધન થયું છે. જિલ્લા કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર ધારાસભ્ય પીએન પાટીલના પાર્થિવ દેહને તેમના વતન ગામ સડોલી ખાલસા ખાતે સવારે ૧૧ વાગ્યે લઈ જવામાં આવશે.

## આયર્લેન્ડ, નોર્વે, સ્પેને પેલેસ્ટાઈનને રાજ્ય તરીકે માન્યતા આપી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

પેલેસ્ટાઈનના ગાઝામાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચે આઠ મહિનાથી યુદ્ધ ચાલી રહ્યું છે. હાલમાં બંને દેશો વચ્ચેના સંઘર્ષનો અંત આવતો જણાતો નથી. દરમિયાન, આયર્લેન્ડ, નોર્વે અને સ્પેને ઔપચારિક રીતે પેલેસ્ટાઈનને એક રાજ્ય તરીકે માન્યતા આપવાના નિર્ણયની જાહેરાત કરી છે, જેનાથી ઈઝરાયેલના યહૂદી રાજ્યએ આયર્લેન્ડ અને નોર્વેમાંથી તેના રાજદૂતોને તાત્કાલિક અસરથી પાછા બોલાવ્યા છે.બુધવારે ઈઝરાયેલના વિદેશ મંત્રી ઈઝરાયેલ કાત્ઝે કહ્યું, હું આયર્લેન્ડ અને નોર્વેને સ્પષ્ટ અને અસ્પષ્ટ સંદેશ મોકલી રહ્યો છું. જેઓ તેની સાર્વભૌમત્વને ક્ષીણ કરે છે અને તેની સુરક્ષાને જોખમમાં મૂકે છે.

### બાંગ્લાદેશનાં સાંસદની ભારતમાં હત્યા મામલે ઘટસ્ફોટ

## સાંસદની બિઝનેસ પાર્ટનર અને બાળપણની મિત્રએ જ કરી હત્યા

। (એજન્સી) કોલકત્તા, તા.૨૩ ।

બાંગ્લાદેશની સત્તારૂઢ પાર્ટી અવામી લીગના સાંસદ અનવારુલ અજીમ અનવરની કોલકાતામાં હત્યાનો મામલો હાલ સમાચારમાં છે. આ કેસની તપાસ હાલ બંગાળની સીઆઈડીને સોંપવામાં આવી છે. જોકે હવે આ મામલામાં નવો ઘટસ્ફોટ થયો છે. સૂત્રોના જણાવ્યા મુજબ સાંસદના બાળપણના મિત્ર અને તેમના બિઝનેસ પાર્ટનરે જ આ હત્યાનું ષડયંત્ર બનાવ્યું હતું અને તેને સફળતાપૂર્વ પાર પાડ્યું હતું. ઢાકા ટ્રિબ્યુનના અહેવાલ મુજબ, બાંગ્લાદેશ પોલીસનું કહેવું છે કે સાંસદ અનવરુલનો બાળપણનો મિત્ર અને બિઝનેસ પાર્ટનર અકતરુઝમાન શાહીન મુખ્ય કાવતરાખોર છે. આ હત્યાને અંજામ આપવામાં અનવરુલના અન્ય મિત્ર અમાનુલ્લા અમાનની ભૂમિકા હતી.પોલીસનું કહેવું છે કે શાહીન સાંસદ અનવરુલની હત્યાનું કાવતરું ઘડવા કોલકાતા ગઈ હતી. કોલકાતામાં હત્યાનો પ્લાન ફાઈનલ કર્યા બાદ તે બાંગ્લાદેશ આવ્યો હતો. બાદમાં અમાન સહિત છ લોકોએ અનવારુલને ઓશીકું વડે ગૂંગળાવીને તેની હત્યા કરી હતી. બાદમાં તેના મૃતદેહના ટુકડા કરી ટ્રોલી બેગમાં રાખી અજ્ઞાત સ્થળે ફેંકી દેવામાં આવ્યા હતા. તપાસ સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર ઢાકા મેટ્રોપોલિટન પોલીસની ડિટેક્ટિવ બ્રાન્ચે આ હત્યાના કાવતરાનો પર્દાફાશ કર્યો છે.

## બનાસકાંઠામાં ૧૨ કલાક વીજ કાપ મૂક્યો, લોકો ત્રાહીમામ થયા

। (એજન્સી) બનાસકાંઠા, તા.૨૩ ।

બનાસકાંઠાના જગાણા સહિતના આસપાસના ગામોમાં વીજળી કાપ મુકવાને લઈ લોકો કાળઝાળ ગરમીને લઈ પરેશાન બન્યા છે. લોકોએ મજબૂરીવશ ઘરની બહાર રહેવાનો વારો આવ્યો છે. તો બીજી તરફ લોકોનો રોષ પણ UGVCL પર વર્તાઈ રહ્યો છે. એક તરફ કાળઝાળ ગરમી વર્તાઈ રહી છે તો બીજી તરફ આવી આકરી ગરમીના પ્રકોપ વચ્ચે બનાસકાંઠા જિલ્લાના કેટલાક ગામોમાં વીજ કાપ જાહેર કરવામાં આવ્યો છે. બનાસકાંઠાના જગાણા સહિતના આસપાસના ગામોમાં વીજળી કાપ મુકવાને લઈ લોકો કાળઝાળ ગરમીને લઈ પરેશાન બન્યા છે. લોકોએ મજબૂરીવશ ઘરની બહાર રહેવાનો વારો આવ્યો છે. તો બીજી તરફ લોકોનો રોષ પણ UGVCL પર વર્તાઈ રહ્યો છે.

## ATM બદલીને છેતરપિંડી આચરનારો ભેજાબાજ ઝડપાયો

। (એજન્સી) બનાસકાંઠા, તા.૨૩ ।

આરોપી રાજુ પાસેથી જુદી જુદી બેંકના ૨૦૯ જેટલા ATM કાર્ડ મળી આવ્યા હતા. તેણે અમદાવાદ, પાટણ, બનાસકાંઠા, મહેસાણા, તાપી સહિતના જિલ્લાઓમાં છેતરપિંડીના ગુનાઓ આચર્યા હોવાનું સામે સામે આવ્યું છે. લગભગ ૨૭ જેટલા ગુનાઓનો ભેદ ઉકેલવામાં આવ્યો છે. બનાસકાંઠામાંથી ATM બદલીને છેતરપિંડી આચરનારો ભેજાબાજ ઝડપાયો છે. વડગામ પોલીસે અમદાવાદના જુહાપુરા વિસ્તારમાં રહેતા આરોપીને ઝડપી લઈને કાર્યવાહી હાથ ધરી છે. આરોપીએ છ્સ્માં મદદ કરવાના બહાને કાર્ડને બદલી દેતો હતો અને તે કાર્ડ દ્વારા પૈસા ઉપાડી લેતો હતો. વડગામ પોલીસે આ અંગે આવી જ ઘટના બેંક ઓફ બરોડાના છ્સ્માં બનવાને લઈ ગુનો નોંધીને તપાસ હાથ ધરી હતી.

## માલપુરમાં સફાઈ કામદારોએ આંદોલન કરીને ધરણાં યોજ્યા

। (એજન્સી) માલપુર, તા.૨૩ ।

માલપુરમાં સફાઈ કામદારોએ આંદોલન કરીને ધરણાં યોજ્યા હતા. માલપુર બસ સ્ટેશનમાં સફાઈ કામદારોને છૂટા કરવાને લઈ ધરણાં યોજવામાં આવ્યા હતા. એજન્સી બંધ થઈ જવાને લઈ સફાઈ કામદારો છૂટા થયા હતા. જેને લઈ સફાઈ કામદારો અને તેમના પરિવારજનોએ ધરણાનો કાર્યક્રમ યોજ્યો હતો. અરવલ્લી જિલ્લાના માલપુરમાં સફાઈ કામદારોએ આંદોલન કરીને ધરણાં યોજ્યા હતા. માલપુર બસ સ્ટેશનમાં સફાઈ કામદારોને છૂટા કરવાને લઈ ધરણાં યોજવામાં આવ્યા હતા. એજન્સી બંધ થઈ જવાને લઈ સફાઈ કામદારો છૂટા થયા હતા. જેને લઈ સફાઈ કામદારો અને તેમના પરિવારજનોએ ધરણાનો કાર્યક્રમ યોજ્યો હતો. આંદોલન છેડવાની વાત સાથે પોસ્ટરો સાથે જ દેખાવો કરવા માટે બસ સ્ટેશનમાં પરીવારજનો અને કામદારો પહોંચ્યા હતા.સફાઈ કામદારોએ સૂત્રોચ્ચાર કરી મૂક્યા હતા અને કામ પર પરત લેવા માટેની માંગ કરી હતી. દેખાવોને પગલે સ્થાનિક પોલીસને બોલાવવામાં આવી હતી.

### ભીષણ ગરમીથી રાજ્યમાં હાહાકાર

# અમદાવાદ-ગાંધીનગરમાં આજે રેડ એલર્ટ જાહેર

### આણંદ, બનાસકાંઠા, સાબરકાંઠા, વલસાડ, મહેસાણા, પંચમહાલમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૩ ।

સમગ્ર રાજ્યમાં કાળઝાળ ગરમી પડી રહી છે. હવામાન વિભાગે ગરમીને લઈને મોટી આગાહી કરી હતી. અમદાવાદ અને ગાંધીનગરમાં આવતીકાલે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અમદાવાદમાં ગરમીનો પારો ૪૬ ડિગ્રી પર પહોંચી ગયો છે. ગાંધીનગરમાં પણ ગરમીનો પારો આજે ૪૫ ડિગ્રીને પાર પહોંચી ગયો છે.

તે સિવાય આણંદ, બનાસકાંઠા, સાબરકાંઠા, વલસાડ, મહેસાણા, પંચમહાલમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. મોરબી, સુરેંદ્રનગર, રાજકોટ, જૂનાગઢમાં યલો એલર્ટ જાહેર કરાયું છે. અનેક શહેરોમાં ગરમીનો પારો ૪૩ ડિગ્રીને પાર થઈ ગયો છે. અમદાવાદમાં હાલ ગરમીનો પારો ૪૫ ડિગ્રી પર પહોંચ્યો છે. આકરા તાપના કારણે રસ્તાઓ સૂમસામ બન્યા હતા. બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા,



સુરેંદ્રનગર, જૂનાગઢ, ભાવનગરમાં ઓરેન્જ એલર્ટ અપાયું છે. આણંદ, રાજકોટ, ગાંધીનગરમાં ઓરેન્જ એલર્ટ અપાયું છે.મહેસાણા, અમરેલી, કચ્છ, બનાસકાંઠામાં ભીષણ ગરમીની આગાહી કરાઈ છે. અમદાવાદ, ખંભાત, વડોદરા, નડિયાદમાં પારો ૪૫ ડિગ્રીને પાર પહોંચ્યો હતો. બપોરે ૧થી ૪ વાગ્યા સુધી કામ સિવાય બહાર ન નીકળવા અપીલ કરાઈ છે. રાજ્યમાં ગરમી જીવલેણ સાબિત થઈ રહી છે. ગભરામણ, ખેંચ અને હિટસ્ટ્રોકથી ૧૫ વ્યક્તિઓના મોત થયા છે. જેમાં સુરતમાં ૧૦ વ્યક્તિના મોત નીપજ્યા છે. જ્યારે વડોદરામાં વધુ ત્રણ વ્યક્તિના મોત થયા છે. સુરતમાં એકનું હીટસ્ટ્રોકના કારણે મોત થયું હોવાની આશંકા છે. જ્યારે અન્ય મૃતકોના સેમ્પલ ફોરેન્સિકમાં મોકલાયાં છે. જેનો રિપોર્ટ આવ્યા બાદ મોતના ચોક્કસ કારણ સામે આવશે. આ સાથે હીટવેવની અસરના કારણે સરકારી હોસ્પિટલોમાં ૧૨ વ્યક્તિને સારવાર અપાઈ. જેમાં સિવિલ હોસ્પિટલમાં ૮ અને સ્મીમેર હોસ્પિટલમાં ૪ દર્દી નોંધાયા તો બીજી તરફ પાલિકાના અધિકારીનો દાવો ગરમીથી મોત નથી. સુરતમાં એક જ દિવસમાં ૧૦નાં હાર્ટ અટેક અને હીટવેવમાં શંકાસ્પદ મોત થયા છે. ચારને હીટસ્ટ્રોકની શંકા છે જ્યારે ૫ વ્યક્તિના હાર્ટએટેકથી મોત થયાની શંકા છે. તમામના સેમ્પલ FSLમાં મોકલ્યાં છે. તમામ મૃતકો ગભરામણ પછી બેભાન થયા હતા અને હોસ્પિટલ લઈ ગયા પછી મૃત્યુ થયું હતું.

### આ મકાનો પાંચ દાયકા જૂના હોવાથી જર્જરિત બની ચૂક્યા છે

## ગાંધીનગરમાં સરકારી મકાનો જર્જરિત થવાં છતાં કર્મચારી ખાલી કરવા તૈયાર નથી



। (એજન્સી) ગાંધીનગર, તા.૨૩ ।

રાજ્યની રાજધાની ગાંધીનગરમાં પાંચ હજાર જેટલા જર્જરિત મકાનો છતાં પણ કર્મચારીઓ તેને ખાલી કરવા તૈયાર નથી. આ આવાસો એટલી ભયજનક સ્થિતિમાં છે કે તે ગમે ત્યારે ઢબી પડે તેમ છે. તેને જાણે કે એક જ ધક્કાની જરૂર છે. આ જર્જરિત મકાનોમાંથી નીકળવા માટે કર્મચારીઓને અવારનવાર નોટિસ પાઠવવામાં આવી હોવા છતાં પણ કર્મચારીઓ તેને ખાલી કરતાં નથી. આના પગલે હવે તમામ ભયજનક આવાસોની વીજળી, પાણી અને ગટરની સુવિધા કાપી નાખવાનો આકરો નિર્ણય કરવામાં આવ્યો છે. તેના લીધે આ મકાનોમાં રહેનારાઓને તાત્કાલિક મકાન ખાલી કરવાની ફરજ પડશે.

ગાંધીનગરના યોજના વિભાગના જણાવ્યા મુજબ આ મકાનો પાંચ દાયકા જૂના હોવાથી જર્જરિત બની ચૂક્યા છે. લગભગ પાંચ હજારથી પણ વધારે મકાનો ભયજનક જાહેર કરવામાં આવ્યા છે. હવે આવા મકાનો તોડીને ટાવર પ્રકારના મકાનો બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મકાનોને જૂના કર્મચારીઓના પરિવારજનો છોડી જવા માંગતા ન હોવાથી સ્થિતિ વધુ બગડી છે અને તંત્રની મુશ્કેલીમાં વધારો થયો છે.સૂત્રોના જણાવ્યા મુજબ ગાંધીનગરમાં સેક્ટર ૨૮ અને સેક્ટર ૨૯માં જૂના મકાન તોડીને નવા મકાન બનાવવા મંજૂરી મળી ગઈ છે. તાત્કાલિક ધોરણે કામ શરૂ કરવાનું છે. પણ અનેક સરકારી મકાનો હજી પણ ખાલી થયા નથી. અન્ય સેક્ટરોમાં આ પ્રકારની સ્થિતિ છે. આખો બ્લોક ખાલી હોય, પરંતુ એક પરિવાર રહેતો હોય તો તેને તોડી શકાતો નથી. આવી સ્થિતિ બીજા સેક્ટરોમાં પણ છે.

### પોરબંદરનાં મિયાણી ગામનો બનાવ

# પરિણીત યુવતીને ભગાડી જવા પ્રશ્ને બે પરિવારો વચ્ચે મારામારી થઈ

। (એજન્સી) રાજકોટ, તા.૨૩ ।

મિયાણી ગામે વાડી વિસ્તારમાં રહેતા ઈલેક્ટ્રિશિયન ભરત લખુભાઈ જમોડ નામના ૨૩ વર્ષના યુવાને એવી પોલીસ ફરિયાદ નોંધાવી છે કે તેના ભાઈ કમલેશ જમોડને કરસન બાલુ વાઘેલાની દીકરી સાથે પ્રેમ સંબંધ હતો તે બાબતનું મનદુઃખ રાખીને ઘાતક હથિયારો ધારણ કરીને બે મહિલા સહિત ૧૫ વ્યક્તિના ટોળાએ ઘાતક હુમલો કર્યો છે અને હત્યાની કોશિશ કરી છે. વહેલી સવારે બાલુ કારા વાઘેલા, મુન્ના બાલુ વાઘેલા, કરસન બાલુ વાઘેલા, સુમરીબેન બાલુ વાઘેલા, મણીબેન કરસન વાઘેલા, સાગર પુંજા વાઘેલા, દેવસી કારા વાઘેલા, રાહુલ દેવસી વાઘેલા, ભરત દેવશી વાઘેલા, રામા કારા વાઘેલા, અને અજાણ્યા ત્રણથી ચાર વ્યક્તિઓ લાકડી લોખંડના પાઈપ જેવા હથિયારો ધારણ કરીને આવી પહોંચ્યા હતા. સાગર પુંજા વાઘેલાએ ભરતના માથામાં લાકડી મારી હતી તથા અન્ય આરોપીઓએ આડેધડ માર મારી ઈજા પહોંચાડી હતી. ભરતના માતા શાંતીબેન જમોડને પણ ઈજા પહોંચાડી હતી અને પિતા લખુભાઈ જમોડને પણ મુંઢ માર મારવામાં આવ્યો હતો. ભરતના દાદા રાણાભાઈ ઉકાભાઈ જમોડની હત્યાના ઈરાદે માથામાં લાકડીના ફટકા મારીને દેવશી કારા વાઘેલા અને રામા કારા વાઘેલાએ હત્યાની કોશિશ કરી હતી. અન્ય આરોપીઓએ રાણાભાઈ જમોડના પગમાં લાકડીઓ તથા પાઈપ મારીને ફ્રેક્ચર જેવી ગંભીર ઈજા પહોંચાડી હતી. ત્યારબાદ ઘરના બારીના કાચ તોડી નાખ્યા હતા તથા મોટરસાયકલમાં પણ તોડફોડ કરી હતી. સામે પક્ષે મિયાણીના મણીબેન કરસન વાઘેલા દ્વારા એવી પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે કે તેની દીકરી નીલમ ૧૯ વર્ષની છે અને તેના લગ્ન બે મહિના પહેલા જામ રાવલના મુકેશ રામદે કોરાખી સાથે થયા હતા. ૨૦ દિવસ પહેલા નીલમ ઘરે આવી હતી અને તા. ૧ મેના રાત્રે કોઈને કશું કહ્યા વગર ગામમાં જ રહેતા કમલેશ લખુ જમોડ સાથે પ્રેમ સંબંધ હોવાથી તેની સાથે જતી રહી હતી. નીલમ પરણેલી હોવાથી તેને ફરીથી ઘરે લઈ આવવા સમાજ લેવલે વાતચીત ચાલતી હતી. સવારે અચાનક દરવાજા પાસે પુત્રી નીલમનો અવાજ સંભળાયો હતો અને એણે એવું જણાવ્યું હતું કે રાડિયો આતો, કમલેશ લખુ તથા બીજા લોકો મને અહીં મૂકી ગયા છે અને કહ્યું છે કે તું હવે અમારે નથી જોતી. આથી ફરિયાદી મણીબેને દીકરીને એવું જણાવ્યું હતું કે પહેલું ઘર પણ બગાડયું છે હવે આ લોકો તને ન રાખે તો અમે તને ક્યાં મૂકવા જઈએ તેના કરતા ચાલ અમે લોકો તને જ્યાં હતી ત્યાં મૂકી જઈએ તેમ કહીને ફરિયાદી મણીબેન વગેરે દીકરી નીલમને લઈને કમલેશના ઘરે મુકવા ગયા હતા. ત્યાં મણીબેને તેની દીકરી નીલમને સોંપીને કહ્યું હતું કે મારી દીકરીને ૨૦ દિવસ ફેરવી મૂકી ગયેલ છે હવે અમારે ક્યાં મૂકવા જવી? તેમ વાત કરતા રડીઓ આતો ઉર્ફે રાણા ઉકા જમોડ ઉશ્કેરાઈ ગયો હતો અને ફળિયામાં પડેલ લાકડી વડે મહિલાના પગમાં માર્યો હતો.

### જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં યોજાઈ બેઠક

# રાજકોટ શહેરમાં રૂપિયા ૧૦નો સિક્કો ન સ્વીકારાતા કલેક્ટરે બહાર પાડ્યું ફરમાન

### તમામ બેંકોમાં રૂ. ૧૦ના સિક્કા જમા કરાવી શકાય છે તેમ કલેકટરએ લોકોને વિશ્વાસ આપતાં જણાવ્યું હતું

। (એજન્સી) રાજકોટ, તા.૨૩ ।

રાજકોટ જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી રૂ. ૧૦ નો સિક્કો માન્ય હોવા છતાં વ્યવહારમાં તેનો ખાસ ઉપયોગ કરાતો નથી. બીજીતરફ ગ્રાહકો, વ્યાપારીઓ તેમજ બેક્કર્સને રૂ. ૧૦ના સિક્કાને લઈને પડતી મુશ્કેલીના નિવારણ અર્થે જિલ્લા કલેકટર પ્રભવ જોશીની અધ્યક્ષતામાં રાજકોટની નેશનલ અને ખાનગી બેક્કના અધિકારીઓ સાથે એક બેઠક યોજાઈ હતી.

જેમાં કલેકટર પ્રભવ જોશીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે રૂપિયા દસનો સિક્કો ભારત સરકાર અને આર.બી.આઈ. દ્વારા માન્યતા પ્રાપ્ત ચલણ છે. જેનો વ્યવહાર કાયદેસર છે. જેથી કરીને લોકો, વ્યાપારીઓનિઃસંકોચપણેચલણમાંતેનોવ્યાપકપ્રમાણમાં ઉપયોગ કરે તે ઈચ્છનીય છે તેમજ બેક્ક પણ રૂ. ૧૦ના સિક્કાનો અસ્વીકાર કરી શકે નહીં. તમામ બેંકોમાં રૂ. ૧૦ના સિક્કા જમા કરાવી શકાય છે તેમ કલેકટરએ લોકોને વિશ્વાસ આપતાં જણાવ્યું હતું.

આ બાબતે કલેકકટરે સંપૂર્ણ સહકાર આપવા બેક્કના અધિકારીઓને જણાવ્યું હતું. બેક્કના અધિકારીઓના જણાવ્યા મુજબ રૂ. ૧૦ના સિક્કા બેક્ક દ્વારા હાલ ચલણમાં છે જ તેમ જ વ્યાપારી બેક્કોમા રૂ. ૧૦ના સિક્કા જમા કરાવી શકે છે. રૂ. ૧૦નો સિક્કો વ્યાપક પ્રમાણમાં વ્યવહારમાં આવતાં છુટ્ટા રૂપિયાની સમસ્યા પણ હલ થઈ જશે તેમ કલેકટરે કહ્યું હતું. ઉપરાંત રૂ. ૧૦ ના સિક્કાનું સર્ક્યુલેશન વધે તેના



માટે લોકોને રોજીંદા વ્યવહારમાં તેનો વધુ ઉપયોગ કરવા અપીલ કરી છે.

રૂ. ૧૦નો સિક્કો કાયદેસરનું ચલણ – રોજીંદા વ્યવહારમાં સિક્કાની લેણ-દેણ વ્યાપક બનાવવા કલેકટર પ્રભવ જોશીએ અપીલ કરી હતી. વ્યાપારીઓને શોપ પર રૂ. ૧૦ના સિક્કા સ્વીકારીએ છીએ તે પ્રકારે સ્ટીકર લગાવવવા અનુરોધ કર્યો હતો. ઉપરાંત તમામ વેપારીઓ બેક્કોમા રૂ. ૧૦ ના સિક્કા જમા કરાવી શકે છે અને પૂરતા પ્રમાણમાં સ્ટોક ઉપલબ્ધ છે.એમ તેમણે કહ્યું હતું.

તે સિવાય પાંચ રૂપિયાની નોટ પણ કોઈ સ્વીકારતું નથી તો તેનું પણ બોર્ડ લગાવવું જરૂરી છે અને દરેક લોકો પાંચ રૂપિયાની નોટ સ્વીકારે તે સૂચના આપવી જરૂરી છે.

### ગરમીમાં લોકોને બહાર નીકળવું મુશ્કેલ બની રહ્યુ છે

# કાળઝાળ ગરમીને લઈ હિટ સ્ટ્રોકના દર્દીઓની સંખ્યા વધી

### હાલમાં ઈમર્જન્સી એમ્બ્યુલન્સની ૧૦૮ સેવાને પણ હિટ સ્ટ્રોકની અસર થવાના કોલ છેલ્લા સપ્તાહથી મળવા લાગ્યા છે





। (એજન્સી) સાબરકાંઠા, તા.૨૩ ।

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ગરમીનો પ્રકોપ હજુ પણ એક સપ્તાહથી એટલો જ રહેતા લોકોની પરેશાની દિવસે દિવસે વધી રહી છે. ગરમીમાં લોકોને બહાર નીકળવું મુશ્કેલ બની રહ્યુ છે. તો હાલમાં ઈમર્જન્સી એમ્બ્યુલન્સની ૧૦૮ સેવાને પણ હિટ સ્ટ્રોકની અસર થવાના કોલ છેલ્લા સપ્તાહથી મળવા લાગ્યા છે. જે આ પહેલા આંકડો શૂન્ય હતો પરંતુ હાલમાં છેલ્લા એક સપ્તાહથી આ આંકડો એક ડઝનથી વધારેનો નોંધાયો છે.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ગરમીનો પ્રકોપ હજુ પણ એક સપ્તાહથી એટલો જ રહેતા લોકોની પરેશાની દિવસે દિવસે વધી રહી છે. ગરમીમાં લોકોને બહાર નીકળવું મુશ્કેલ બની રહ્યુ છે. તો હાલમાં ઈમર્જન્સી એમ્બ્યુલન્સની ૧૦૮ સેવાને પણ હિટ સ્ટ્રોકની અસર થવાના કોલ છેલ્લા સપ્તાહથી મળવા લાગ્યા છે. જે આ પહેલા આંકડો શૂન્ય હતો પરંતુ હાલમાં છેલ્લા એક સપ્તાહથી આ આંકડો એક ડઝનથી વધારેનો નોંધાયો છે.



એટલે કે હિટ સ્ટ્રોકની અસરને લઈ ૧૪ દર્દીઓએ ૧૦૮ ના સહારે સારવાર માટે હોસ્પિટલ પહોંચ્યા હોવાનું સામે આવ્યું છે. ૧૦૮ સેવા દ્વારા પણ હાલમાં ઓરેન્જ એલર્ટને લઈ વિશેષ તકેદારી દાખવવામાં આવી રહી છે. ગરમીના પ્રકોપને લઈ અસર થતા દર્દીઓનો કોલ મળતા તુરત જ સારવાર મળી રહે એ માટે વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. તો સિવિલ હોસ્પિટલ સહિત ખાનગી અને સરકારી હોસ્પિટલમાં પણ વિશેષ ટીમો તૈનાત રાખવામાં આવી છે.

# અમદાવાદ મહાનગરપાલિકાના સી.એન.સી.ડી. વિભાગ દ્વારા હીટવેવ બાબતે જાગૃતિ ફેલાવવાના પ્રયાસો







સી.એન.સી.ડી. વિભાગ દ્વારા જુદી જુદી ટીમો બનાવી હીટવેવ પ્રોન વિસ્તારની મુલાકાત લઈ લોકો સાથે સંવાદ અને માર્ગદર્શન તથા ORS પાઉચનું વિતરણ કરાયું. અમદાવાદમાં કાળઝાળ ગરમીને પગલે મહાનગરપાલિકાના સી.એન.સી.ડી. વિભાગ દ્વારા હીટવેવ બાબતે જાગૃતિ ફેલાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. હીટવેવ અને ગરમીના પ્રકોપથી બચવા માટે હીટવેવ એકશન પ્લાન અંતર્ગત વિવિધ કામગીરીઓ કરવામાં આવી રહી છે. અમદાવાદના વિવિધ ઝોનમાં સી.એન.સી.ડી. વિભાગની ઝોનવાઈઝ અને શિફટવાઈઝ ટીમો કાર્યરત છે. આ ટીમો હીટવેવ પ્રોન વિસ્તારોની મુલાકાત લઈ નાગરિકોને સમજ આપે છે. સાથોસાથ ORSના પેકેટનું વિતરણ કરી તેને ઉપયોગમાં લેવાની, નિયત પેમ્ફલેટનુ વિતરણ કરી હીટવેવથી બચવા માટેના વિવિધ ઉપાયો અંગે નાગરિકોને માર્ગદર્શન આપવામાં આવે છે.



પંજાબમાં પટિયાલા ખાતે લોકસભા ચૂંટણી-૨૦૨૪ માટે જાહેર સભામાં ભારતીય જનતા પાર્ટી ઉમેદવાર પ્રનીત કૌર સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક શક્તિશાળી રેલીને સંબોધતા જોવા મળ્યા.

### આ અત્યારે 'લાઈફસ્ટાઈલ'માં ફિટ નથી : પોન્ટિંગ

# રિકી પોન્ટિંગે ભારતીય ટીમના કોચ બનવાની ઓફરને ઠોકર મારી!

## પૂર્વ બેટ્સમેન રિકી પોન્ટિંગે ખુલાસો કર્યો છે કે ભારતીય ટીમના મુખ્ય કોચ પદ માટે તેમનો સંપર્ક કરાયો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।




ઓસ્ટ્રેલિયાના પૂર્વ બેટ્સમેન રિકી પોન્ટિંગે ખુલાસો કર્યો છે કે ભારતીય ટીમના મુખ્ય કોચ પદ માટે તેમનો સંપર્ક કરવામાં આવ્યો હતો. પરંતુ તેણે આ ઓફર ફગાવી દીધી હતી. પોન્ટિંગે કહ્યું કે આ અત્યારે તેની 'લાઈફસ્ટાઈલ'માં ફિટ નથી. દિલ્હી કેપિટલ્સના મુખ્ય કોચ તરીકે તાજેતરમાં ૭ સિઝન પૂર્ણ કરનાર પોન્ટિંગ અગાઉ ઓસ્ટ્રેલિયાના વચગાળાના T20 કોચ રહી ચૂક્યા છે. તેણે એ નથી કહ્યું કે BCCI તરફથી ભારતીય કોચ પદ માટે કોઈ સૂચન આવ્યું છે કે નહીં. રિકી પોન્ટિંગે આઈસીસીને કહ્યું, 'આઈપીએલ દરમિયાન મને આ પોસ્ટમાં રસ છે કે નહીં તે જાણવા માટે કેટલીક વાતચીત થઈ હતી. મને રાષ્ટ્રીય ટીમનો સિનિયર કોચ બનવું ગમશે. મારી પાસે મારા જીવનમાં અન્ય વસ્તુઓ છે અને હું ઘરે થોડો સમય પસાર કરવા માંગુ છું. દરેક વ્યક્તિ જાણે છે કે જો તમે ભારતીય ટીમ સાથે કામ કરો છો તો તમે IPL ટીમ સાથે નહીં જોડાઈ શકો. તેમજ રાષ્ટ્રીય મુખ્ય કોચ બનવું એ વર્ષમાં ૧૦ કે ૧૧ મહિનાની નોકરી છે, અને હું તે કરવા માંગું છું પરંતુ તે મારી જીવનશૈલી અને મને ખરેખર જે કરવું ગમે છે તેમાં બંધબેસતું નથી.' પોન્ટિંગે કહ્યું કે તેણે તેમના દીકરા સાથે પ્રસ્તાવ અંગે ચર્ચા કરી અને તે ભારત આવવા માટે તૈયાર જણાતો હતો. તેમણે કહ્યું, 'મારા પરિવાર અને મારા બાળકોએ છેલ્લા પાંચ અઠવાડિયા મારી સાથે IPLમાં વિતાવ્યા છે અને તેઓ દર વર્ષે અહીં આવે છે અને મેં મારા દીકરાને તેના વિશે જણાવ્યું હતું.

## ન્યૂઝ બ્રિફ

### 'ઓનલાઈન' રજીસ્ટ્રેશન પછી ભક્તો ચારધામ યાત્રા ઉપર આવી શકશે




। (એજન્સી) દેહરાદૂન,તા.૨૩ ।

ચારધામ યાત્રા પર ભેગી થતી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓની ભીડના સારા વ્યવસ્થાપન માટે અને સલામત યાત્રા માટે, ઉત્તરાખંડ સરકારે બુધવારે ફરજિયાત નોંધણી લાગુ કરી હતી, જ્યારે નકલી નોંધણી દ્વારા કેદારનાથ યાત્રા પર જવાના ૯ કેસ નોંધવામાં આવ્યા હતા. ૧૦ મેના રોજ યાત્રા શરૂ થઈ ત્યારથી અત્યાર સુધીમાં પ્રથમ ૧૩ દિવસમાં ૮,૫૨,૦૧૮ યાત્રાળુઓએ ચારધામોની મુલાકાત લીધી છે. અધિકારીઓએ જણાવ્યું કે હરિદ્વાર અને ઋષિકેશમાં 'ઓફલાઈન' રજીસ્ટ્રેશન બંધ કરી દેવામાં આવ્યું છે અને હવે 'ઓનલાઈન' રજીસ્ટ્રેશન પછી જ ભક્તો ચારધામ યાત્રા પર આવી શકશે. તેમણે કહ્યું કે, ચારધામ યાત્રામાં દેશ-વિદેશમાંથી આવતા શ્રદ્ધાળુઓની વ્યવસ્થિત, સરળ, સલામત અને સુવિધાજનક યાત્રા માટે મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામી ખૂબ જ ગંભીર છે. મુખ્યમંત્રીના નિર્દેશ પર મુખ્ય સચિવ રાધા રતુરીએ શ્રદ્ધાળુઓ માટે એડવાઈઝરી જારી કરી છે, જેમાં તેમને રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ જ યાત્રા પર આવવા વિનંતી કરવામાં આવી છે. એડવાઈઝરી જણાવે છે કે જો તેઓ નોંધણી વગર આવે છે, તો તેમને 'બેરિયર' અથવા 'ચેક પોઈન્ટ' પર રોકવામાં આવી શકે છે અને આનાથી તેમને ભારે અસુવિધા થશે. યાત્રિકોને એવી પણ સલાહ આપવામાં આવી છે.

### "લાપતા લેડીઝે" Netflix પર ૧૩.૮ મિલિયન વ્યૂ સાથે એનિમલને પાછળ છોડી



। (એજન્સી) મુંબઈ, તા.૨૩ ।

કિરણ રાવની 'લાપતા લેડીઝ' આજકાલ નેટફ્લિક્સ પર ટોપ ટ્રેન્ડમાં છે. ફિલ્મ જોયા બાદ દર્શકો તેના વખાણ કરતા થાકતા નથી. ઓછા બજેટની આ ફિલ્મ રિલીઝ થયાને ૨ મહિના પણ નથી થયા અને તેણે સુપરસ્ટાર્સની ફિલ્મોને હરાવવાનું શરૂ કરી દીધું છે. લાપતા લેડીઝએ રણબીર કપૂર-રશ્મિકા મંદન્ના સ્ટાર બ્લોકબસ્ટર 'એનિમલ' ને તેની રિલીઝના બે મહિના કરતાં ઓછા સમયમાં દર્શકોની દ્રષ્ટિએ પાછળ છોડી દીધી છે. લાપતા લેડીઝ'ને આ વર્ષે માર્ચમાં Netflix પર રિલીઝ કરવામાં આવી હતી, જ્યારે "એનિમલ"ને તે જ પ્લેટફોર્મ એટલે કે Netflix પર ૨૬ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ તેની OTT રિલીઝ મળી હતી. પરંતુ હવે, તેની રિલીઝના બે મહિનાથી ઓછા સમયમાં, 'લાપતા લેડીઝ' એ Netflix પર ૧૩.૮ મિલિયન વ્યૂ સાથે એનિમલને પાછળ છોડી દીધી છે. જો કે,દર્શકોની દ્રષ્ટિએ, તે હજી સુધી ઋત્વિક રોશનની ફાઈટરને પાછળ છોડી શકી નથી જેને નેટફ્લિક્સ પર અત્યાર સુધીમાં ૧૪ મિલિયન વ્યુઝ મળ્યા છે.

### કાર્યક્રમમાં તમામ લેજન્ડ્સ હાજર રહ્યા

# સુનિલ ગાવસ્કરે ક્રિકેટ મહારથીઓને આપ્યું હતું આમંત્રણ

। (એજન્સી) મુંબઈ, તા.૨૩ ।



એક સમયે ભારત અને દુનિયાભરના ક્રિકેટ સ્ટેડિયમ ગજવનારા મહારથી ક્રિકેટરોનું એક યાદગાર મિલન ખ્યાતનામ ક્રિકેટર સુનિલ ગાવસ્કરે મુંબઈમાં તાજેતરમાં યોજ્યું હતું. તેમાં ૮૦-૯૦ વર્ષ વટાવી ગયેલા નરી કોન્ટ્રાક્ટર અને ચંદુ બોરડે જેવા જૂની પેઢીના ક્રિકેટર્સથી માંડીને સંદિપ પાટીલ, કિરણ મોરે, મોહિન્દર અમરનાથ ઉપરાંત સચિન તેંડુલકર અને પ્રવીણ આમરે સહિતના નવા જૂના ક્રિકેટર્સ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ગાવસ્કરે ખુદ આ યાદગાર ક્ષણો પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટસ પર પણ શેર કરી છે. ગાવસ્કરે ગયા ગુરુવારે મુંબઈમાં બીકેસી ખાતે એક પ્રાઈવેટ ક્લબમાં આ મહારથીઓને આમંત્રણ આપ્યું હતું. લિજન્ડસ ઓફ ક્રિકેટ એવાં ટાઈટલ સાથે યોજાયેલા આ સમારોહમાં કેટલાક ક્રિકેટર્સ તો કદાચ દાયકાઓ પછી એકબીજાને મળ્યા હતા અને પરસ્પર જૂનાં સંસ્મરણો વાગોળી ત્યારનાં ક્રિકેટ વિશ્વ અને અત્યારના આઈપીએલના જમાનાની વાતો કરી ભાવવિભોર બન્યા હતા. આ મિલનમાં ગાવસ્કરે પોતાના બાળપણના મિત્રો, ક્રિકેટર તરીકેની કારકિર્દી દરમિયાન જેમની સાથે આજીવન ભાવસંબંધો બંધાયા તેવા ક્રિકેટર્સ તથા અન્ય મહાનુભવોને પણ આમંત્રણ આપ્યું હતું. ગાવસ્કરનું આમંત્રણ સ્વીકારી ૧૯૮૩ના વર્લ્ડ કપ ક્રિકેટના હિરો જીમી તરીકે ઓળખાતા મોહિન્દર અમરનાથ, ભારતીય ક્રિકેટ ટીમના હાલના સિલેક્ટર અજિત અગરકર સહિતના જૂના ક્રિકેટરો પણ હાજર રહ્યા હતા. જોકે, આ સમારોહમાં કેટલાય વયોવૃદ્ધ ક્રિકેટ હસ્તીઓએ હાજર રહી ચાર ચાંદ લગાવી દધા હતા. ૯૦ વર્ષના નરી કોન્ટ્રાક્ટર, ૮૯ વર્ષના ચંદુ બોર્ડે, લેગ સ્પીનર ૯૩ વર્ષના ચંદુ જોશીની હાજરીથી જાણે દાયકાઓ પહેલાંની ભારતીય ક્રિકેટની ક્ષણો જીવંત થઈ ઉઠી હતી. સચિન તેંડુલકરે પણ પોતાના પૂરોગામીઓ તથા અનુગામી ક્રિકેટર્સને મળવાની તક ઝડપી આ પાર્ટીમાં ખાસ હાજરી આપી હતી. ગાવસ્કરની સાથે રમી ચૂકેલા સંદિપ પાટિલ અને કિરણ મોરે પણ તે દિવસોનાં સંસ્મરણો લઈને ઉપસ્થિત હતા. ગાવસ્કરે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૨૯૨ વિકેટો ઝડપનારા જોશીની ઓળખ આપતાં કહ્યું હતું કે તેઓ અતિશય તેજસ્વી લેગ સ્પીનર હતા અને તેઓ આજે એક ટોચના સ્થપતિ પણ છે. સિઓલ ઓલિમ્પિકમાં ભારત માટે ગોલ્ડ મેડલ જીતનારી ભારતીય ટીમના સભ્ય એમ.એમ. સૌમેયા, કલાકારો નાના પાટેકર, સચિન પિલગાંવકર, સચિન ખેડેકર ઉપરાંત પ્રવીણ આમરે, જતીન રાંજપે, મુંબઈના પૂર્વ કેપ્ટન મિલિંદ રેગે, તથા બીસીસીઆઈના પદાધિકારીઓ પણ ઉપસ્થિત હતા.

### પોલીસે પરિસરની તપાસ કરી, ઈમેલને "હોક્સ" ગણાવ્યા

# બેંગલુરુની 3 લક્સરિયસ હોટલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

। (એજન્સી) બેંગલુરુ, તા.૨૩ ।



બેંગલુરુની ત્રણ લક્સરિયસ હોટલોને ઈમેલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. આ અંગે પોલીસે માહિતી આપતા જણાવ્યું હતું કે આ હોક્સ મેલ છે અને હોટલોના પરિસરને ચકાસણી બાદ હજી સુધી કોઈ જ શંકાસ્પદ વસ્તુઓ મળી નથી. હાલ પોલીસ અને બોમ્બ સ્ક્વોડ ઈલેક્ટ્રોનિક સિટી સ્થિત ઓટેરા હોટલમાં છે. ઓટેરા હોટલને ગુરુવારે રાતે ૨ વાગ્યે ધમકી આપવામાં આવી હતી. જોકે જેવો આ મેલ સ્ટાફને મળ્યો કે તાત્કાલિક ધોરણે પોલીસને જાણ કરવામાં આવી હતી. બાદમાં પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી હતી. પોલીસે ઈમેલને "હોક્સ" કરાર આપ્યો હતો. તમને જણાવી દઈએ કે આ પહેલા પણ ઘણી વખત દિલ્હી સહિત દેશના અન્ય ભાગોમાં શાળાઓ, હોટલ અને સરકારી મંત્રાલયોની ઈમારતોમાં બોમ્બ રાખવાની ધમકી ઈમેલ દ્વારા આપવામાં આવી હતી. છેલ્લા કેટલાક સમયથી દિલ્હી, બેંગલુરુ, અમદાવાદ, જયપુર અને લખનઉ જેવા શહેરોની શાળાઓ અને હોસ્પિટલોને ધમકીભર્યા ઈ-મેલ મળી રહ્યા હતા. ઉપરાંત, દિલ્હી, મુંબઈ, ગોવા, નાગપુર અને કોલકાતાના એરપોર્ટની વિવિધ સરકારી ઈમારતોને વિદેશીઓ તરફથી ધમકીભર્યા મેલ મોકલવામાં આવ્યા હતા.

### સેક્સ સ્કેન્ડલ મામલે કર્ણાટક સરકારની રજુઆત

# પ્રજ્વલ રેવન્નાનો ડિપ્લોમેટિક પાસપોર્ટ રદ રજૂઆત કરાઈ

। (એજન્સી) બેંગલુરુ, તા.૨૩ ।



કર્ણાટકની સરકારે અધિકારિક રીતે વિદેશ મંત્રાલયને જનતા દળ સેક્યુલરના સાંસદ પ્રજ્વલ રેવન્નાનો ડેપ્લોમેટિક પાસપોર્ટ રદ કરવાની ભલામણ કરી છે. ઉલ્લેખનીય છે કે પ્રજ્વલ કર્ણાટક સેક્સ સ્કેન્ડલ મામલાના આરોપી છે. રાજ્ય સરકારે કરેલી આ રજૂઆત પ્રજ્વલ રેવન્નાની વિરુદ્ધની કાર્યવાહીમાં વધારો થયો હોવાનું પ્રતિક છે. ઉલ્લેખનીય છે કે થોડા દિવસો અગાઉ યૌન ઉત્પીડનના આરોપ લાગ્યા પછીથી પ્રજ્વલ રેવન્ના કથિત રીતે જર્મની ભાગી ગયો હતો. કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ પણ સીધો જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને રેવન્નાની વિરુદ્ધ તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. પોતાના પત્રમાં સિદ્ધારમૈયાએ એ બાબતને શરમજનક ગણાવી કે રેવન્નાનો આરોપ સામે આવ્યો હતો. તેમની સામે પ્રથમ ક્રિમિનલ કેસ નોંધાયો તે પહેલા રવન્નાએ દેશ છોડવા માટે પોતાના ડિપ્લોમેટિક પાસપોર્ટનો ઉપયોગ કર્યો હતો. પ્રજ્વલ રેવન્ના પર યૌન શોષણના ઘણા આરોપો લાગ્યા છે. જોકે હેરાન કરનારી વાત એ છે કે રેવન્ના દ્નારા કથિત રીતે ઘણી મહિલાઓની સાથે ખરાબ વ્યવહાર કરવાના વીડિયો ગત મહિને જ વાઈરલ થવા લાગ્યા હતા. તે ખાસ કરીને તેમના જ મતવિસ્તારમાં વાઈરલ થવા લાગ્યા હતા.

### RTIમાં થયો મોટો ખુલાસો

# આ વર્ષે આઈઆઈટીના ૩૮% વિદ્યાર્થીને નોકરી નથી મળી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ભારતની પ્રતિષ્ઠિત એન્જિનિયરીંગ સંસ્થાઓ IIT જે એક સમયે નોકરીની ગેરન્ટી ગણાતી હતી, આજે અભૂતપૂર્વ પ્લેસમેન્ટ કટોકટીનો સામનો કરી રહી છે. IIT કાનપુરના ભૂતપૂર્વ વિદ્યાર્થી ધીરજ સિંહ દ્વારા દાખલ કરાયેલી આરટીઆઈની અરજીના જવાબમાં ચોંકાવનારા આંકડાઓ સામે આવ્યા છે. આ વર્ષે ૨૩ IIT કેમ્પસમાંથી લગભગ ૮,૦૦૦ (૩૮ ટકા) વિદ્યાર્થીઓને નોકરી મળી નથી. ૨૦૨૪માં પ્લેસમેન્ટ માટે નોંધણી કરાવનારા ૨૧,૫૦૦ વિદ્યાર્થીઓમાંથી માત્ર ૧૩,૪૧૦ને જ નોકરી મળી છે જ્યારે ૩૮ ટકા વિદ્યાર્થીઓ હજુ બેરોજગાર છે. આ આંકડો બે વર્ષ પહેલા કરતા ઘણો વધારે છે, જ્યારે ૩,૪૦૦ (૧૯ ટકા) વિદ્યાર્થીઓને નોકરી મળી ન હતી. નવ જૂની આઈઆઈટીની સ્થિતિ વધુ ચિંતાજનક છે. આ વર્ષે પ્લેસમેન્ટ માટે નોંધણી કરાવનારા ૧૬,૪૦૦ વિદ્યાર્થીઓમાંથી ૬,૦૫૦ (૩૭ ટકા) ને હજુ સુધી નોકરી મળી નથી. નવી ૧૪ IIT માં પણ ૫,૧૦૦ નોંધાયેલા વિદ્યાર્થીઓમાંથી, ૨,૦૪૦ (૪૦ ટકા) વિદ્યાર્થીઓ બેરોજગાર છે. કન્સલ્ટન્ટ અને IIT કાનપુરના ભૂતપૂર્વ વિદ્યાર્થી ધીરજ સિંહે LinkedIn પર આ ચિંતાજનક આંકડા શેર કર્યા છે. તેમણે લખ્યું હતું કે "ગયા વર્ષે IIT ખડગપુરમાં ૩૩ ટકા વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ મારફતે નોકરીઓ મળી ન હતી. પ્લેસમેન્ટની નબળી સ્થિતિને કારણે બેરોજગાર વિદ્યાર્થીઓ તણાવ, ચિંતા અને નિરાશાથી પીડાઈ રહ્યા છે." IIT દિલ્હીના ૨૨ ટકા વિદ્યાર્થીઓને છેલ્લા પાંચ વર્ષમાં નોકરી મળી નથી, અને ૨૦૨૪માં આ આંકડો વધીને ૪૦ ટકા થઈ જશે. છેલ્લા બે વર્ષમાં ૬૦૦ વિદ્યાર્થીઓને IIT દિલ્હીમાં નોકરી મળી નથી. IIT દિલ્હીએ તેના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને ઈમેઈલ કરીને નોકરી મેળવવામાં મદદ માંગી છે અને વર્તમાન બેચમાં પાસ આઉટ થયેલા વિદ્યાર્થીઓની ભલામણ કરી છે. IIT-Bombay અને બિરલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી એન્ડ સાયન્સે પણ તેમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસેથી મદદ માંગી છે. ૨૦૨૨ થી ૨૦૨૪ સુધીમાં જૂની ૯ IITમાં નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧.૨ ગણો વધારો થયો છે, જ્યારે બેરોજગાર વિદ્યાર્થીઓની સંખ્યામાં ૨.૧ ગણો વધારો થયો છે. નવી ૧૪ IITમાં નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧.૩ ગણો વધારો થયો છે, પરંતુ બેરોજગાર વિદ્યાર્થીઓની સંખ્યામાં ૩.૮ ગણો વધારો થયો છે.




પશ્ચિમ બંગાળના કોસ્ટ ગાર્ડ ડિસ્ટ્રિક્ટ નંબર ૮, હલ્દિયા ખાતે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ (ICG) એ 'પોલ્યુશન રિસ્પોન્સ સેમિનાર અને મોક ડ્રિલ'નું આયોજન કર્યું હતું.

### બર્ડ ફ્લૂથી સંક્રમિત બીજા દર્દીની પુષ્ટિ થઈ

# બીજો કેસ સામે આવતાં અમેરિકામાં ખળભળાટ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૩ ।

એક વ્યક્તિમાં બર્ડ ફ્લૂનો બીજો કેસ સામે આવતાં અમેરિકામાં ખળભળાટ મચી ગયો છે. એબીસી ન્યૂઝ અનુસાર, અમેરિકામાં બર્ડ ફ્લૂથી સંક્રમિત બીજા દર્દીની પુષ્ટિ થઈ છે. મિશિગન ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થ એન્ડ હ્યુમન સર્વિસે અહેવાલ આપ્યો છે કે, બર્ડ ફ્લૂ અથવા એવિયન ઈન્ફલ્યુએન્ઝાથી સંક્રમિત પ્રાણી સાથે નિયમિત સંપર્ક ધરાવતા ફાર્મ વર્કરને બર્ડ ફ્લૂ થયું હોવાનું બહાર આવ્યું છે. સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શનેજણાવ્યું હતું કે, મિશિગનમાં એક ડેરી વર્કર જે H5N1 સંક્રમિત પશુઓના સંપર્કમાં આવ્યો હતો તેને નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યો છે. અમેરિકામાં H5N1 ના બીજા કેસ પછી, પોલ્ટ્રી અને ડેરીની સ્થિતિઓને સતત ટ્રેસ કરવામાં આવી રહી છે. જો ખેત મજૂરોમાં કોઈ શંકાસ્પદ લક્ષણો દેખાય તો તાત્કાલિક આરોગ્યવિભાગને જાણ કરવા ચેતવણી આપવામાં આવી છે. વાયરસની તપાસ પણ ઉપલબ્ધ છે. બર્ડ ફ્લૂમાં દેખાતા લક્ષણો વિશે સ્થાનિક આરોગ્ય અધિકારીઓને જાણ કરવામાં આવી છે. CDCએ કહ્યું છે કે, સંક્રમિત વ્યક્તિના ૨ નમૂના પરીક્ષણ માટે લેવામાં આવ્યા છે. જેમાંથી એક સેમ્પલ નાકમાંથી અને બીજો સેમ્પલ આંખનો હતો.

## તંત્રી લેખ...

# જીવનમાં માત્ર પ્રેમ કરતાં જ નહીં, પારખતાં પણ શીખો..

આજકાલ 'પ્રેમ' શબ્દને એટલો સસ્તો બનાવી નાખ્યો છે કે હાલતાં ચાલતાં એનો ઉપયોગ કોઈપણ વ્યક્તિ ગમે ત્યાં કરવા લાગી છે. આપણા જીવનની સૌથી વધુ રોમાંચિત કરી મૂકે એવી લાગણી જો કોઈ હોય તો એ પ્રેમ છે. આ લાગણીનો અનુભવ થવો એ કદાચ કુદરતી કરિશ્મા કહી શકાય. કોઈના અખંડ પ્રેમનું ભાગીદાર બનવું એ બાબત જ વ્યક્તિને સ્પેશ્યલ ફિલ કરાવે છે. કોઈના મનમંદિરમાં આપણું સામ્રાજ્ય સ્થાપિત થઈ જવું, કોઈના હ્રદયમાં આપણા નામનો અડિંગો જમાવી દેવો, કોઈની સૂતા સમયની છેલ્લી વિશ અને ઊઠતા સાથેની પહેલી પ્રાર્થનામાં માત્ર આપણું નામ હોવું- આ બાબતો આપણા મનમાં ઉચ્ચ લેવલનો ડોપ માઈનનો સ્ત્રાવ પેદા કરે છે. તમને કોઈ વ્યક્તિ સાચો પ્રેમ કરે છે એ ઓળખવા શું કરવું જોઈએ? પ્રેમ છે કે માત્ર આકર્ષણ એ જાણવાની કોઈ ટ્રીક ખરી? પ્રેમ અને વ્હેમ વચ્ચેનો ભેદ કંઈ રીતે પારખી શકાય? શું પ્રેમના નામે આપણી લાગણીનો ઉપયોગ તો નથી થઈ રહ્યો ને? 'ગમી જવું' અને 'પ્રેમ થઈ જવો' વચ્ચે શું ફેર છે? પરંતુ શું આટલી બાબતોથી જ આપણે કોઈના પ્રેમમાં છીએ કે આપણને કોઈ વ્યક્તિ પ્રેમ કરે છે એ સાબિત થઈ જાય છે? બહુ મૂંઝવણભર્યો આ પ્રશ્ર્ન છે. કારણ કે અત્યારના સોશ્યલ મીડિયાના યુગમાં કોઈપણ વ્યક્તિને ઈમ્પ્રેસ કરવા માટેના ભાતભાતના નુસખાઓ બતાવવામાં આવતાં હોય છે. ચાલાક વ્યક્તિ એ શીખી લે તો લાગણીસભર વ્યક્તિને બહુ જલ્દીથી પોતાનામાં વશ કરી શકે છે. અને આ રીતે બંધાયેલો સંબંધ ક્યારેય લાંબો ચાલતો નથી. રિયલાઈઝ થતાંની સાથે જ પેલી લાગણીશીલ વ્યક્તિ અંદરથી તૂટી જતી હોય છે. પોતાનો ઉપયોગ થઈ ગયો એ વાતને લઈને જીવનભર રોજ મરીને એ જીવતી હોય છે. ખાસ કરીને યંગ જનરેશન અને સાથોસાથ દરેક ઉંમરના વ્યક્તિઓ જ્યાં આવીને અટવાઈ છે એવા કેટલાંક પ્રશ્નો જેમ કે સાચો પ્રેમ કેવી અનુભૂતિ કરાવે? સાચા પ્રેમને કંઈ રીતે ઓળખી શકાય? અને આકર્ષણથી પ્રેમને કઈ રીતે અલગ પાડી શકાય એ જાણવાનો થોડો પ્રયાસ આપણે કરીએ. કોઈ વ્યક્તિ આપણને ખરેખર પ્રેમ કરે છે એનો અહેસાસ આપણા અંતરાત્માને થઈ જ જતો હોય છે. છતાંય કેટલીક બાબતો પરથી સાચા પ્રેમને સરળતાથી પારખી શકાય. જેમ કે આપણું પ્રિયજન આપણા દેખાવને નહીં, સ્વભાવને અગત્યતા આપતું હોય. આપણી 'ના' પાછળનો ગર્ભિત મર્મ જાણી શકતું હોય. આપણી પાસેથી ગિફ્ટ કે અન્ય એક્સપેન્સિવ વસ્તુઓનો જરાય આગ્રહ ન રાખતું હોય.

## શીખવાની તત્પરતા હોય તો આપણે જીવનભર કંઈને કંઈ શીખતા રહીએ



જો આપણી અંદર શીખવાની તત્પરતા હોય તો આપણે જીવનભર કંઈને કંઈ શીખતા રહીએ છીએ. જો આ તત્પરતા સમાપ્ત થઈ જાય તો આપણી ભીતર ઉદાસીનતા છવાઈ જાય છે. આપણે કંઈપણ નવું શીખવા કે સમજવા નથી માગતા. ક્યારેક-ક્યારેક એવું પણ થાય છે કે આપણે ખુદને એટલા બુદ્ધિમાન સમજી બેસીએ છીએ કે આપણા માટે કંઈપણ નવું શીખવાનું બાકી નથી રહ્યું. આ અહંકાર જ આપણી શીખવાની પ્રવૃત્તિને સમાપ્ત કરી દે છે. જ્યારે જીવનનો પ્રત્યેક પડાવ આપણને ઘણું શીખવી જાય છે. પર્વત, નદી, ઝરણાં, પશુ-પક્ષી અને જીવજંતુઓ વગેરે પાસે પણ આપણે કંઈકને કંઈક શીખી શકીએ છીએ. જોવામાં આવે તો આ દુનિયા એક પાઠશાળા છે, જે આપણને દરેક પળે કંઈકને કંઈક શીખવવા આતુર છે. આપણે ઘરની બહાર હોઈએ કે ઘરની અંદર, સવારનો સમય હોય કે સાંજનો કે પછી અર્ધરાત્રિ કેમ ન હોય, પ્રકૃતિના દરેક પ્રહરમાંથી આપણે કશુંને કશું શીખી શકીએ છીએ. બસ આપણા જ્ઞાનચક્ષુ ખુલ્લા હોય, આપણી તત્પરતા જળવાઈ રહી હોય. સ્વામી રામતીર્થ ભણવામાં અત્યંત કુશાગ્ર હતા. તેમને પુસ્તકો વાંચવાનો બહુ શોખ હતો. મોટાભાગનો સમયે તેમના હાથમાં પુસ્તકો જ રહેતા. તેઓ ઘરેથી નીકળતા તો પણ તેમના હાથમાં અને ઝોળામાં પુસ્તકો રહેતાં. તેમની આ આદતની કેટલાક લોકો પ્રશંસા કરતા હતા તો કેટલાક ઉપહાસ પણ ઉડાવતા હતા. કેટલાક લોકોને આ માત્ર દેખાડો લાગતો હતો. એક દિવસે તે સડક પર પુસ્તકો વાંચતા ચાલ્યા જતા હતા. એક માણસે કહ્યું, 'આ પાઠશાળા નથી. રસ્તે જતાં તો પુસ્તકોને ખરા ઠેકાણે મૂકો.' સ્વામી રામતીર્થે હસીને કહ્યું, ' આ આખો સંસાર જ મારા માટે પાઠશાળા છે.' એ વ્યક્તિ માથું ઝૂકાવીને ત્યાંથી ચાલ્યો ગયો. વાસ્તવમાં આપણા શીકવાની પ્રવૃત્તિ સ્વયં જ પોતાનો માર્ગ શોધી લે છે. આપણે કોઈપણ પરિસ્થિતિમાં શીખતા જઈએ છીએ. ભણતા જઈએ છીએ. તેથી આપણે દરેક અવસ્થામાં શીખવાની પ્રવૃત્તિને, પોતાની તત્પરતાને જીવંત રાખવી જોઈએ. શીખવાનો અર્થ છે કંઈક જ્ઞાન પ્રાપ્ત કરવું, કોઈ કૌશલ્ય (સ્કીલ) વિકસાવવું કે માહિતી મેળવવી. આપણે અભ્યાસથી, ઉદાહરણોથી કે અનુભવથી શીખીએ છીએ. જીવન દરરોજ આપણને કંઈક નવું શીખવાડે છે. એ આપણા ઉપર છે કે આપણે એમાંથી કેટલું ગ્રહણ કરીએ છીએ, કેટલું શીખીએ છીએ. ખરા અર્થમાં તો સતત શીખતા રહેવું એનું નામ જ જીવન છે. આપણી બધી જ જ્ઞાનેન્દ્રિયો આંખ, કાન, નાક, જીભ અને ચામડી માહિતી મેળવવામાં ઉપયોગી થાય છે. આપણે બૌદ્ધિક રીતે ભલે સમાન ન હોઈએ પરંતુ દરેકમાં એટલી ક્ષમતા તો હોય જ છે કે નવી માહિતી, નવું જ્ઞાન, વિચારો મેળવીએ અને જીવનને બદલી શકીએ. કંઈક જાણીને આપણે આસપાસના વાતાવરણને સમૃદ્ધ કરી શકીએ છીએ. માણસ કંઈક શીખે છે ત્યારે જાણે એક નવા જ વિશ્વમાં પ્રવેશ કરે છે. કાંઈ પણ શીખેલું ક્યારેય વ્યર્થ જતું નથી. આજે શીખેલું આવતીકાલે જરૂર કામમાં આવશે. કોઈ મહાપુરુષે યોગ્ય જ કહ્યું હતું, ''અધૂરી કેળવણી ખતરનાક બાબત છે, પરંતુ શીખવાનો પ્રયત્ન જ ન કરવો એ લોકો માટે જાણે આફત બરાબર છે.''

---

**સદગુરુ કૃપા હી કેવલમથી વહેતી આ ધારા જીવને કક્ષા ભ્રમણ કરાવે છે, અને પ્રકૃતિ તથા પરસ્પર દેવો ભવઃ ના દર્શન કરાવી જાય**

# તુજ મેં રબ દિસતા હૈ, યારા મેં કયા કરું..! એટલે આપણાં રામાયણનું સૂત્ર હરિ વ્યાપક સર્વત્ર સમાના



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સાધુની બીજી એક વ્યાખ્યા કરીએ તો જે સતત કોઈ માટે જીવે એને સાધુ કહેવાય! ટૂંકમાં સાધુ એટલે પોતાનું ન વિચારતા સતત અન્યનું વિચારે, અને અન્યનું ભરણપોષણ કરે, પણ હાલમાં પ્રવર્તમાન સમયમાં પ્રકૃતિનું સંતુલન ખોરવાયું હોય એવું લાગે છે.**

આપના શ્રીચરણોમાં આમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હાલમાં તાપમાનનો પારો સમગ્ર ગુજરાતમાં ઉંચી સપાટીએ છે અને સૌ કોઈ એનાથી ત્રસ્ત છે! પણ પૂજ્ય બાપુ કહે છે પ્રકૃતિગત ઘણા ઘટકો સાધુ ચરિત છે, જેમ કે પહાડો સાધુ છે, નદીઓ સાધુ છે, વનસ્પતિ સાધુ છે, ધરા સાધુ, આકાશ સાધુ, આવું કંઈક થોડું સમજાયું. સાધુની બીજી એક વ્યાખ્યા કરીએ તો જે સતત કોઈ માટે જીવે એને સાધુ કહેવાય! ટૂંકમાં સાધુ એટલે પોતાનું ન વિચારતા સતત અન્યનું વિચારે, અને અન્યનું ભરણપોષણ કરે. પણ હાલમાં પ્રવર્તમાન સમયમાં પ્રકૃતિનું સંતુલન ખોરવાયું હોય એવું લાગે છે, કારણ કે ચારેબાજુથી હીટ વેવના સમાચાર મળે છે! ત્યારે આપણે પ્રાકૃતિક અંગો ને સાધુ કંઈ રીતે માની શકીએ! પણ એ તો આપણી જ કરણીનું ફળ છે, પ્રકૃતિમાં આટલું બધું પ્રદૂષણ છોડતા પહેલા વિચાર્યું નહીં, બાકી એ તો સો ટકા સાધુ ચરિત છે. સદગુરુ કૃપા હી કેવલમ થી વહેતી આ ધારા જીવને કક્ષા ભ્રમણ કરાવે છે, અને પ્રકૃતિ તથા પરસ્પર દેવો ભવઃ ના દર્શન કરાવી જાય છે. તો ક્યારેક જીવ ખુદ માં પણ શિવત્વનો અનુભવ કરી, નમામિ નમામિ સમીસામ નિર્વાણ રુપમ, વિભુ વ્યાપકમ બ્રહ્મ વેદ સવરુપમની સ્તુતિ કરવા લાગે. ખરેખર ઈશ્વરની લીલા અપરંપાર અને અદભુત છે, અને તેને અનુભવી હોય તો માત્ર ને માત્ર હરિ વ્યાપક સર્વત્ર સમાના, એ સૂત્ર સાર્થક કરવું પડે. આપણે આજે આવાં જ ભાવની પૂરતી કરતાં એક ગીતથી તરાને કી તર્જ જીવન કા અર્કનો સંદર્ભ લઈ ચિંતન કરીશું.

**તું હી તો જનન્ત મેરી,**
**તું હૈ મેરા ઝુનુન,**
**તું હૈ મનન્ત મેરી,**
**તું હૈ રબ કા સુકુન,**
**તું હૈ અખીયો કી ઠંડક,**
**તું હી દિલ કી દસ્તક,**
**ઔર કુછ ના જાનું મેં,**
**બસ ઇતના હી જાનું,**
**તુજ મેં રબ દિસતા હૈ,**
**યારા મેં કયા કરું!**
**તુજ મેં રબ દિસતા હૈ**
**યારા મેં કયા કરું!**

૨૦૦૮માં યશરાજ ફિલ્મ્સના બેનર હેઠળ બનેલી, રબને બના દી જોડીનું આ ગીત રુપ કુમાર રાઠોડ અને શ્રેયા ઘોષાલ એ ગાયું છે, અને ગીતના શબ્દો લખ્યા છે જયદીપ સહાની એ, તેમજ સંગીત છે સલીમ સુલેમાન સાહેબનું. જોકે આ ફિલ્મમાં તો રોમાન્સની ઉચ્ચતમ કક્ષા બતાવાઈ છે. એટલે કે સ્ત્રી અને પુરુષ વચ્ચેના વિજાતીય આકર્ષણ ને લઈને પ્રેમનું જે ખેંચાણ અનુભવાય છે, એમાં એ વિશેની વાત અહીં કરવામાં આવી છે, અને તેને તો એકમાં જ ઈશ્વર દર્શન થાય છે, પરંતુ આપણે ગીતના શબ્દોને પકડવાના છે. આમ તો આ ગીતના શબ્દો મુજબ એકોએકમાં હરિના દર્શન જ્યાં સુધી થાય નહીં, ત્યાં સુધી આ ભાવ આવવો મુશ્કેલ છે, અને આ કક્ષાએ આપણી સંસ્કૃતિમાં ઘણા સાધુ ચરિત વ્યક્તિ વિશેષ પહોંચ્યા પણ છે. સાધુ કહેવડાવવા માટે માત્ર ભગવા વેશ કે ટીલા ટપકાં, માળા એવા બાહ્ય ઉપકરણની જરૂર નથી. પરંતુ માનસમાં મંદાકિની વહાવે એ જ સાધુ, જાતિપાતી કે ઉચનીચનાં ભેદભાવ વગર સર્વને સમાન આદર અને પ્રેમ આપે એ જ સાચો સાધુ, અને સદા માટે કલ્યાણની ભાવના રાખે તે જ સાચો સાધુ. આવાં સાધુને હરિના દર્શન થાય, એટલે કવિના લખ્યા મુજબ આ ધરતી પર જ સ્વર્ગ દેખાય. સાધુ થવાની પાઠશાળામાં દાખલ થયા છીએ, તો હવે તો સાધુ બન્યા વગર કેમ બહાર નીકળાય! અને સદગુરુ કૃપાનો ધોધ નિરંતર જીવનને પાવન કરવા વહી રહ્યો છે, પછી શું કામ ને પાછા પડવું જોઈએ!! સાધુ બનવું એ આસાન નથી, પરંતુ અશક્ય પણ નથી. લગભગ ૩ સૂત્ર મુજબ જીવનમાં જીવાય તો કવિ એ લખ્યા મુજબ ઊચ્ચ ભાવ એટલે કે દરેક વ્યક્તિ માટે આવો ભાવ થવો શક્ય છે. જીવનમાં આવી પડેલી જે તે પરિસ્થિતિનો સહજ સ્વીકાર. આપણો જેની સાથે સંબંધ છે તે, અને કોઈ સંબંધ નથી તે, સર્વના અસ્તિત્વનો તેના સમય સંજોગ સાથે સ્વીકાર. જે કંઈ થઈ રહ્યું છે એ સત્ય છે, અને કેવળ મારા નહીં પણ સૌનાં પરમ હિત માટે જ થઈ રહ્યું છે, એ સત્ય ના વ્યાપક અર્થ સાથે સૌનો સ્વીકાર. આમ જુઓ તો કેટલા સરળ સૂત્રો છે, અને સૌ કોઈ થોડું થોડું જતું કરવાની ભાવના રાખી, થોડી થોડી જાગૃતિ રાખી, અને થોડું ભોગ ના ભાવ માંથી બહાર આવીએ, તો આ કંઈ અશક્ય નથી. આજે મારી સ્થિતિ અને કક્ષા સધ્ધર છે, અને તેની નબળી છે, આવતીકાલે કદાચ મારી નબળી હોય ,અને તેની સધ્ધર પણ હોઈ શકે, માટે એ પણ સમાન અધિકારી છે, એવાં ભાવ આવે અથવા આવું વિચારીને ઉચનીચનાં ભાવ દૂર થઈ શકે. સમય સંજોગ માટે તો સમય એક ચક્ર છે, અને એકધારો ક્યાંય રહેતો નથી. આવતી કાલ ચોક્કસ નવો મુકામ હાંસલ થઈ શકે, એવુ પણ વિચારી શકાય, અથવા સમય ને કારણે સંજોગ છે, તો સમય વિતી ગયા પછી સંજોગ પણ બદલાય શકે. હવે પરમ કૃપાળુ પરમાત્માની બનાવેલી આ પૃથ્વી કે પ્રકૃતિ એ આપણા કર્મ ને ધર્મના અનુસરણ મુજબ આપણને ફળ આપી રહી છે. પરમાત્મા તો બિલકુલ આ ભાવથી નિર્દોષ છે, તો જે કંઈ સારું ખરાબ મારાથી થયું હોય, એનો હિસાબ અહીં જ પતી જાય, એ જ યોગ્ય છે. જન્મોજન્મ એ ભાર સાથે લઈને શું કામ ચાલવું, એટલે કે જે કંઈ થઈ રહ્યું છે, એ સૌના હિતનું વિચારીને જ અહીં થઈ રહ્યું છે, માટે ઈશ્વર પ્રત્યે અવિશ્વાસ કે સંશય રાખવો એ યોગ્ય નથી. કહેવામાં અને લખવામાં આ બધું સરળ લાગે, છતાં જીવનની ઘટમાળમાં આ જ્ઞાન વિસરાઈ જાય છે, એ સત્ય હકીકત છે, અને ક્ષણે ક્ષણે આપણે નાની મોટી ભૂલો કરી બેસતા હોઈએ છીએ. કોઈને માન આપવાની જગ્યાએ, તેનું અપમાન પણ આપણાથી આવી અજ્ઞાનતાને કારણે જ થાય છે. સૌના હૃદયમાં એ જ પરમાત્માનો અંશ બિરાજમાન હોવા છતાં, એ દ્રષ્ટિએ આપણે તેને મુલવી શકતા નથી. આવું બધું તો ઘણું થતા આપણે જોઈએ છીએ, અને આપણે જાણીએ પણ છીએ કે આ ખોટું છે. છતાં પણ કંઈક ચૂકાઈ જાય, ત્યારે અર્થના અનર્થ થાય, અને ઘર-પરિવાર કુરુક્ષેત્રના મેદાનો બને છે, એ આજના સમાજની સૌથી કડવી વાસ્તવિકતા છે. પરંતુ આપણે સમાજનું ચિત્ર બદલવા કટિબદ્ધ થયા છીએ, તો અન્યના સુધારાની અપેક્ષા રાખ્યા વગર આપણા સુધારા પર ભાર મૂકી, અને સાધુ થવાની પહેલી પરીક્ષામાં પાસ થઈ એ તો પણ ઘણા બધા ફેરફારો સમાજમાં આપોઆપ થઈ જશે. ક્યારેક કોઈકની અશાંતિનું કારણ આપણે પણ હોઈ શકીએ, એટલે આપણામાં સુધારો થાય તો આપોઆપ આ સંબંધ મધુરતામાં ફેરવાઈ જાય. બહુ ઝીણું ઝીણું કાતવું પડશે, ત્યારે આ સાધુતાની પરીક્ષામાં પાસ થવાશે, અને મૂળ સાધુતા જે માત્ર વસ્ત્ર નહિ પણ આવી વૃત્તિનાં વૈરાગ્યથી અર્જિત થઈ હશે, તો એ કાયમ રહીને કેટલાયના જીવન ઉજાળશે. આપણે આજે ચિંતનની શરૂઆતમાં વાત કરી કે, પૂજ્ય બાપુએ પ્રકૃતિના ઘટકોને સાધુ ગણાવ્યા. તો પર્વત જેમ પોતાની આટલી ઉંચાઈનું અભિમાન કરતો નથી, નદી જેમ પોતાની સરળતાનાં ગુણગાન ગાતી નથી, વનસ્પતિ જેમ પોતાના મીઠા ફળ ફૂલ આરોગતી નથી, હવા કે પવન ક્યારેય પોતાના ખભે શીતળતાનો બોજ ઊંચકી ફરતો નથી,તેમજ આકાશ સૂર્ય ચંદ્ર જેવી ઉપલબ્ધિ ધારણ કરી હોવા છતાં,તેમજ સુખ-દુઃખના વાદળોથી ભર્યું હોવા છતાંય તે બિલકુલ તટસ્થ રહી શકે છે. બસ જ્યારે કોઈ વ્યક્તિ પોતાના પંચમહાભૂતમાં રહેલા આ ઘટકોને આ ઊંચાઈ ઉપર સ્થિર કરે, ત્યારે એ સાધુ કહેવાય. આપણે સૌ સાધુતાની પરીક્ષામાં પાસ થઈને આ અસંતુલિત પ્રકૃતિ ને સંતુલિત કરવા કારણભૂત બનીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસમાં સ્નેહ વંદન અને જય સીયારામ.

---

**મોટાભાગના પર્યાવરણ વૈજ્ઞાનિકો દેશના ઘણા રાજ્યોમાં પૂરની સ્થિતિને માનવ સર્જિત દુર્ઘટના ગણાવી રહ્યા છે**

# આપણે કુદરતને ખોળે માથું રાખી કુદરતી સંપત્તિનું જતન કરવાનો સંકલ્પ કરીએ અને તેનો આશીર્વાદ મેળવી આનંદમાં વધારો કરીએ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ભારે વરસાદને કારણે પર્વતોથી માંડીને મેદાની વિસ્તારો, ઉત્તરાખંડ હિમાચલ પ્રદેશ, ઉત્તર પશ્ચિમ બંગાળ, આસામ, તમિલનાડુ, કર્ણાટક, પ્રદેશ વગેરે, નાગાલેન્ડ, અરુણાચલમાં ભારે નુકસાન સાથે પૂરની આફતનો સામનો કરવો પડે છે**

પુરાતન સમયમાં પુચિત્તશક્તિએ કૂર્માવતાર લીધો. આપણે ગઈકાલે કૂર્માવતાર જયંતી ઉજવી. કાળ ઝાળ ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે તો બીજી તરફ ચોમાસું ઝડપી પગલાં પાડે તેવી શક્યતા છે. ત્યારે આપણે કુદરતને ખોળે માથું રાખી કુદરતી સંપત્તિનું જતન કરવાનો સંકલ્પ કરીએ.કૂર્મ એટલે કાચબો જેને પાણી પ્રિય છે. કાચબા જેવો શાંતબુદ્ધિવાળો,સંપૂર્ણ આશાવાદી પ્રસંગ જોઈ-સમજીને વર્તવાની કળા અને ચિવટવૃત્તિ જેની પાસે છે તેવા મહાપુરૂષ જન્મ્યા. પ્રભુનું કાર્ય કરનારા નિરાશાવાદી નહી પરંતુ આશાવાદી હોવા જોઈએ. કૂર્મે લોકોને સમજાવ્યું કે તમે મનો મંથન કરો.સમૃદ્ધતા અને સંપન્નતા વચ્ચે ઝઘડો ના હોવો જોઈએ. સમૃદ્ધતા અને સંપન્નતાને એક બીજામાં મળી જવા દો.લક્ષ્મીને ગાળ શા માટે આપવી? લક્ષ્મી કાંઈ આસુરી નથી.માનવીની સંસ્કૃતિ અમર રહે તે પ્રમાણે રહો. તે સમયનો માનવ નીચે જવા માંડયો હતો. એકબીજાના દોષો જોવા લાગ્યો હતો તેથી હળાહળ ઝેર નિર્માણ થયું હતું. કૂર્મે સંપન્ન લોકોને સમજાવ્યું કે તમે બધામાં સર્વ અંતર્યામી પ્રભુ પરમાત્માને માનો છો તો સમૃદ્ધ લોકોમાં પણ પ્રભુ છે તો તમોને તેમનામાં પ્રભુ કેમ દેખાતો નથી.? સાધન સંપન્ન લોકોએ પોતાનું ઓછાપણું માન્ય કર્યું. ભારે વરસાદને કારણે પર્વતોથી માંડીને મેદાની વિસ્તારો, ઉત્તરાખંડ હિમાચલ પ્રદેશ, ઉત્તર પશ્ચિમ-બંગાળ, આસામ, તમિલનાડુ, કર્ણાટક, પ્રદેશ વગેરે, નાગાલેન્ડ, અરુણાચલમાં ભારે નુકસાન સાથે પૂરની આફતનો સામનો કરવો પડે છે જ્યાં જનજીવન ખોરવાઈ જાય કુદરતી સૌંદર્યથી ભરપૂર ધરતી ગણાતા કેરળમાં પૂરના કારણે સ્થિતિ વિકટ બની ગઈ હતી, જેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે લગભગ ૧૦ હજાર કિલોમીટરના રોડ-રસ્તા રાજ્યમાં પૂરના પ્રકોપથી નુકસાન થયું હતું, હવા, ટ્રેન અને મેટ્રો નેટવર્ક ખરાબ રીતે નાશ પામ્યા હતા અને રાજ્યના ત્રણ કરોડથી વધુ લોકો પૂરના કારણે પાયમાલ થયા હતા. પૂર પ્રભાવિત રાજ્યોમાં ઘણી નદીઓ ખતરાના નિશાનથી ઉપર વહી રહી હતી અને એક હજારથી વધુ લોકોએ જીવ ગુમાવ્યા હતા. કેરળમાં ૧૯૨૪ પછી પહેલીવાર પૂરનો આવો વિનાશ જોવા મળ્યો હતો, પરંતુ તબાહી તેના કરતા ઘણી વધારે છે. રાજ્યના ૩૫ ડેમના દરવાજા ખોલ્યા બાદ પણ તે તમામમાં પાણીની સપાટી ખતરાના નિશાનથી ઉપર હતી અને મુલ્લા પેરિયાર ડેમમાં પ્રથમ વખત પાણીની સપાટી વધીને ૧૪૨ ફૂટ થઈ હતી. ૨૬ વર્ષ પછી, વિશ્વ પ્રસિદ્ધ ઇડુક્કી જળાશયના ચેરુથોની ડેમને ખોલવાનો સમય આવી ગયો હતો, રાજ્યની ૨૮ હજાર હેક્ટર ખેતીની જમીન પૂરના પાણીમાં ડૂબી ગઈ હતી. ચોમાસામાં મહત્તમ વરસાદ થાય છે,પરંતુ તેને ચોમાસાનો વિશ્વાસઘાત કહો કે પર્યાવરણીય અસંતુલનની પ્રતિકૂળ અસર કહો કે વર્ષ-૨૦૧૯ ઓગસ્ટ મહિનામાં જ કેરળમાં ૨૯ ટકા ઓછો વરસાદ થયો હતો. તે જ સમયે, વર્ષ ૨૦૨૦માં આ રાજ્યમાં લગભગ ૧૯ ટકા વધુ વરસાદ થયો હતો અને કેટલાક રાજ્યોમાં ૫૦ ટકા વધુ વરસાદ થયો હતો.સમુદ્ર તરફના તેના ઝુકાવને કારણે, કેરળને મોટાભાગે એવું રાજ્ય માનવામાં આવતું નથી કે જ્યાં પૂરનું જોખમ હોય, કારણ કે ભારે વરસાદનું પાણી અહીંની નદીઓમાં સ્થિર થતું નથી,જે સીધી પશ્ચિમ ઘાટમાં વહે છે અને અરબી સમુદ્રના ઊંડાણમાં જોવા મળે છેકે અરબી સમુદ્રના બગડવા પાછળનું કારણ વ્યાપક માનવ હસ્તક્ષેપ, પ્રાકૃતિક વિકાસ, મોટા પાયે વનનાબૂદી અને આપણો ગેરવહીવટ આ બધા માટે જવાબદાર છે, જેના કારણે સમુદ્રનું સ્તર વધી રહ્યું છે. જેનું પરિણામ હવે અવાર નવાર ભયંકર પૂરના રૂપમાં દેખાય છે. મોટાભાગના પર્યાવરણ વૈજ્ઞાનિકો દેશના ઘણા રાજ્યોમાં પૂરની સ્થિતિને માનવ સર્જિત દુર્ઘટના ગણાવી રહ્યા છે. આબોહવા પરિવર્તન, વિવિધ વિકાસ યોજના ઓ માટે જંગલોનો આડેધડ કટીંગ અને નદીઓમાં ગેરકાયદેસર ખાણ કામ આવા અતિવૃષ્ટિ અને પૂરની સ્થિતિ માટે મુખ્યત્વે જવાબદાર માનવામાં આવે છે. જેના કારણે ચોમાસાની અસર સાથે જમીન ધોવાણ અને નદીઓના ધોવાણના વધતા જતા ચલણને કારણે વિનાશના કિસ્સાઓ વધ્યા છે. તે એક વિટંબણા છે કે વિશ્વમાં પૂરને કારણે થયેલા મૃત્યુમાંથી પાંચમા ભાગના મૃત્યુ ભારતમાં થાય છે અને પૂરને કારણે દેશને દર વર્ષે આશરે રૂ. એક કરોડનું નુકસાન થાય છે. કેરળમાં પૂરના કારણે ચા,કોફી,મસાલા અને રબરના પાકનો નાશ થાય છે અને અંદાજ છેકે લગભગ ૨૦ હજાર કરોડનું નુકસાન થયેલ. ૨૦૧૦માં, એવી વ્યાપક ચિંતા હતી કે પશ્ચિમ ઘાટ, જે ભારતીય ઉપખંડ પર વરસાદી વાદળોને તોડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે, તે માનવ હસ્તક્ષેપને કારણે સંકોચાઈ રહ્યો છે, અને તે પછી કેન્દ્રને આ અંગે 'ગાડગીલ પેનલ'ને રિપોર્ટ કરવા કહેવામાં આવ્યું હતું. દ્વારા રચના કરવામાં આવી હતી. પરંતુ વિટંબણા એ છે કે દર વર્ષે આવી આફતોનો સામનો કરવા છતાં, તે હજી પણ પર્યાવરણીય રીતે નાજુક માનવામાં આવે છે. અરબી સમુદ્રના ઊંડાણમાં જોવા મળે છેકે અરબી સમુદ્રના બગડવા પાછળનું કારણ વ્યાપક માનવ હસ્તક્ષેપ, પ્રાકૃતિક વિકાસ, મોટા પાયે વન નાબૂદી અને આપણો ગેરવહીવટ આ બધા માટે જવાબદાર છે, જેના કારણે સમુદ્રનું સ્તર વધી રહ્યું છે. જેનું પરિણામ હવે અવાર નવાર ભયાનક પૂરના રૂપમાં આવે તો નવાઈ નહીં કેરળમાં પૂરના કારણે ૨૦૧૯-૨૦માં તબાહી, ૧૦હજાર કિલોમીટર લાંબો માર્ગ તૂટી ગયો હતો હવાઈ, ટ્રેન અને મેટ્રો નેટવર્ક પ્રભાવિત, ૩ કરોડથી વધુ લોકો પ્રભાવિત, એક હજારથી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા. મોટાભાગના પર્યાવરણ વૈજ્ઞાનિકો દેશના ઘણા રાજ્યોમાં પૂરની સ્થિતિને માનવ સર્જિત દુર્ઘટના ગણાવી રહ્યા છે. આબોહવા પરિવર્તન, વિવિધ વિકાસ યોજનાઓ માટે જંગલોનો આડેધડ કટીંગ અને નદીઓમાં ગેરકાયદેસર ખાણકામ આવા અતિવૃષ્ટિ અને પૂરની સ્થિતિ માટે મુખ્યત્વે જવાબદાર માનવામાં આવે છે. જેના કારણે, ચોમાસાની અસર સાથે, જમીન ધોવાણ અને નદીઓના ધોવાણના વધતા જતા ચલણને કારણે વિનાશના કિસ્સાઓ વધી રહ્યા છે તે વિટંબણા છે કે વિશ્વમાં પૂરના કારણે થતા મૃત્યુના પાંચમા ભાગના મૃત્યુ ભારતમાં થાય છે અને દર વર્ષે પૂરના કારણે દેશને લગભગ એક હજાર કરોડનું નુકસાન થાય છે. આ વખતે કેરળમાં પૂરના કારણે ચા, કોફી, મસાલા અને રબરની ખેતી નાશ પામી છે અને અંદાજે ૨૦ હજાર કરોડનું નુકસાન થશે. ૨૦૧૦માં, એવી વ્યાપક ચિંતા હતી કે પશ્ચિમ ઘાટ, જે ભારતીય ઉપખંડ પર વરસાદી વાદળોને તોડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે, તે માનવ હસ્તક્ષેપને કારણે સંકોચાઈ રહ્યો છે, અને તે પછી કેન્દ્રને આ અંગે 'ગાડગીલ પેનલ'ને રિપોર્ટ કરવા કહેવામાં આવ્યું હતું. દ્વારા રચના કરવામાં આવી હતી. પરંતુ વિડંબના એ છે કે દર વર્ષે આવી આફતોનો સામનો કરવા છતાં, તે હજી પણ પર્યાવરણીય રીતે નાજુક માનવામાં આવે છે. પહાડી વિસ્તારોના સંરક્ષણ માટે ગાડગીલ કમિટીના અહેવાલનો હજુ અમલ થયો નથી. ભારતીય ઉષ્ણકટિબંધીય હવામાન વિજ્ઞાન સંસ્થા દ્વારા ૧૯૦૦થી વર્ષ-દર- વર્ષના વરસાદના ડેટાના આધારે ૨૦૧૪માં હાથ ધરવામાં આવેલા અભ્યાસમાં જણાવાયું છેકે ગ્લોબલ વોર્મિંગના કારણે ચોમાસાના વરસાદની તીવ્રતા વધી રહી છે અને આ પ્રકારની દુર્ઘટના ઓ વધશે આગળ,જેને કોઈ રોકી શકશે નહીં, હા, આપણે ચોક્કસ પણે તેની ખરાબ અસરોને ઘણી હદ સુધી ઘટાડી શકીએ છીએ.

# વિવેકનો તૂટેલો પગ જોઈને ડિરેક્ટર પર હુમલો થયો ત્યારે અભિષેકે કરી હતી મદદ

## અભિષેક બચ્ચન અને વિવેકે ૨૦૦૪માં મણિરત્નમની ફિલ્મ 'યુવા'માં કામ કર્યું હતું

અભિષેક બચ્ચન અને વિવેક ઓબેરોયે ૨૦૦૪માં મણિરત્નમની ફિલ્મ 'યુવા'માં કામ કર્યું હતું. વિવેક અને ઐશ્વર્યાના બ્રેકઅપના એક વર્ષ બાદ આ ફિલ્મ રિલીઝ થઈ હતી. વિવેકે જણાવ્યું કે કેવી રીતે તેના 'મિત્ર' અભિષેક બચ્ચને એક ખતરનાક અકસ્માત બાદ તેની મદદ કરી. બોલિવૂડ અભિનેતા વિવેક ઓબેરોયને તેની કારકિદીના પ્રારંભિક તબક્કામાં સંભવિત સુપરસ્ટાર તરીકે જોવામાં આવતો હતો. તેની ફિલ્મી કારકિદીની ગતિ ધીમી પડી તે પહેલા, વિવેક ખૂબ જ ચર્ચામાં રહેતો હતો અને તેની વરિષ્ઠ અભિનેત્રી ઐશ્વર્યા રાય સાથેના તેના અફેરની ખૂબ ચર્ચા થઈ હતી. જોકે, ઐશ્વર્યાએ બાદમાં અભિષેક બચ્ચન સાથે લગ્ન કર્યા હતા. વિવેક તાજેતરમાં અભિષેક બચ્ચન સાથે ફિલ્મોમાં કામ કરવાના દિવસોને યાદ કરતો જોવા મળ્યો હતો. બંનેએ ૨૦૦૪માં મણિરત્નમની ફિલ્મ 'યુવા'માં કામ કર્યું હતું. આ ફિલ્મ વિવેક અને ઐશ્વર્યાના બ્રેકઅપના એક વર્ષ બાદ રિલીઝ થઈ હતી. વિવેકે જણાવ્યું કે કેવી રીતે તેના 'મિત્ર' અભિષેક બચ્ચને



એક ખતરનાક અકસ્માત બાદ તેની મદદ કરી. ટાઈમ્સ નાઉ સાથેની વાતચીતમાં વિવેકે કહ્યું, 'એક સંપૂર્ણ મજાનો દિવસ પીડામાં ફેરવાઈ ગયો જ્યારે એક ભયાનક મોટરસાઈકલ અકસ્માતમાં મારો પગ ત્રણ જગ્યાએ તૂટી ગયો. મને યાદ છે કે મારો મોટો ભાઈ અજય (દેવગન) અને મારા મોટા અભિષેક (બચ્ચન) મારી સાથે હતા, તેઓ મને હોસ્પિટલ લઈ ગયા, ચામડીમાં હાડકાં ધસી જવાના દર્દ અને ચારે બાજુ લોહી ફેલાઈ જવાની વચ્ચે તેઓ મારી સાથે રહ્યા. વિવેકે કહ્યું કે તેનો દિવસ વધુ ખરાબ થઈ ગયો હતો. તેણે કહ્યું, 'મને ખબર પડી કે મણિ અન્ના (નિર્દેશક મણિરત્નમ)ને મારો અકસ્માત જોઈને હાર્ટ એટેક આવ્યો હતો. અમે બંને જ્યારે હોસ્પિટલમાં સ્વસ્થ થઈ રહ્યા હતા ત્યારે અજય અને અભિષેક મારી સાથે હતા, જ્યારે હું કંઈ સમજી શકવાની સ્થિતિમાં નહોતો ત્યારે તેઓ મને પેઈન કિલર અને જોક્સથી હિંમત આપી રહ્યા હતા. વિવેકે જણાવ્યું કે ચાર મહિના પછી સેટ પર રિયુનિયન જેવો માહોલ સર્જાયો હતો. ફિલ્મ 'ફના' અને 'અંજાના અંજાની'ના બે ગીતોના શૂટ દરમિયાન તે લંગડાતો હતો જ્યારે આખું યુનિટ તેને ચીયર કરી રહ્યું હતું. વિવેકે કહ્યું, 'ક્યારેક મને આશ્ચર્ય થાય છે કે અમે આ કેવી રીતે કર્યું.' 'યુવા' એ અભિષેક, વિવેક અને અજયની કારકિદીની સૌથી પ્રતિકાત્મક ફિલ્મોમાંની એક છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ રહી હતી, પરંતુ ત્રણેય કલાકારોના અભિનયની લોકોએ ખૂબ પ્રશંસા કરી હતી. પોતાની કારકિદીમાં ઘણી શ્રેષ્ઠ ફિલ્મો આપનાર મણિરત્નમના ચાહકો પણ 'યુવા'ને તેમની શ્રેષ્ઠ ફિલ્મોમાં ગણે છે.

### 'ટીવીની નાગિન' બનશે 'સુહાગન ચૂડેલ'

# ટીવી અભિનેત્રી નિયા શર્મા ૪ વર્ષ બાદ પડદા પર કમબેક કરી રહી છે

## મેં ક્યારેય કામ માંગ્યું નથી, મારી પાસે પૈસા હતા જ્યાં હું ઘરે બેસી શકું, આરામ કરી શકું અને હું જે ઈચ્છું તે પૂર્ણ કરી શકું

લોકપ્રિય ટીવી અભિનેત્રી નિયા શર્મા ૪ વર્ષ બાદ પડદા પર કમબેક કરી રહી છે. આ શોનું નામ છે 'સુહાગન ચૂડેલ'. હાલમાં જ એક ઈન્ટરવ્યુમાં નિયા શર્માએ પોતાના કમબેક વિશે વાત કરી હતી. તેણે કહ્યું કે તેણે આટલો લાંબો ગેપ કેમ લીધો. નિયાએ કહ્યું- બ્રેક લેવો એ મારો સભાન નિર્ણય હતો. મેં ખૂબ જ સમજી વિચારીને નક્કી કર્યું હતું કે હું થોડા સમય માટે સ્ક્રીનથી દૂર રહીશ. નિયાએ કહ્યું- હું વિશેષાધિકાર અનુભવું છું કે હું આ બ્રેક લઈ શકી. મેં ઈન્ડસ્ટ્રીમાં ઘણું કામ કર્યું છે અને એટલા પૈસા કમાયા છે. આટલી લોકપ્રિયતા પ્રાપ્ત કર્યા પછી, મને લાગે છે કે હું ઓછામાં ઓછું સ્ક્રીન પરથી બ્રેક લઈ શકું છું. તમને જણાવી દઈએ કે



નિયા છેલ્લે એકતા કપૂરના સુપરનેચરલ શો 'નાગિન ૪'માં જોવા મળી હતી. અહીંથી તેમની લોકપ્રિયતા સાતમા આસમાને પહોંચી હતી. નિયાએ કહ્યું- મને જરાય અફસોસ નથી કે મને ૪ વર્ષથી કામ ન મળ્યું. મેં કેટલાક રિયાલિટી શો કર્યા, પરંતુ ડેઈલી સોપ્સમાં કામ ન કર્યું. હિન્દુસ્તાન ટાઈમ્સ સાથે વાત કરતા તેણીએ કહ્યું- હું ઘણીવાર મારી જાતને પ્રશ્ન પૂછું છું કે મેં આટલો લાંબો બ્રેક કેમ લીધો? જ્યારે મને દરેક જગ્યાએથી ઓફર મળી રહી હતી. હું જ તેને ના પાડી રહ્યો હતો. મેં ક્યારેય કામ માંગ્યું નથી. મારી પાસે પૈસા હતા જ્યાં હું ઘરે બેસી શકું, આરામ કરી શકું અને હું જે ઈચ્છું તે પૂર્ણ કરી શકું. હું આ વિરામ પરવડી શકે તેમ હતો, તેથી જ મેં આ બ્રેક લીધો.

# એલ્વિશ મહિને ૫૦ લાખ કમાય છે, યુટ્યુબરે સ્વીકાર્યું -'યુઝ્ડ સ્નેક-લિઝાર્ડ'

## ચાર્જશીટમાં ખુલાસો થયો છે કે એલ્વિશ વિદેશથી યુવક અને યુવતીઓને બોલાવીને પ્રતિબંધિત સાપના વીડિયો શૂટ કરાવવા માટે કરાવતો હતો



### લેબે પુષ્ટિ કરી કે પાર્ટીમાં સાપનું ઝેર હતું

મની લોન્ડ્રી કેસમાં ફસાયેલા યુટ્યુબર અને 'બિગ બોસ OTT 2'ના વિજેતા એલ્વિશ યાદવે પોતાના નિવેદનમાં ઘણા ચોંકાવનારા ખુલાસા કર્યા છે. માર્ચમાં, નોઈડા પોલીસે ડ્રગ પાર્ટીમાં સાપનું ઝેર સપ્લાય કરવાના કેસમાં એલ્વિશની ધરપકડ કરી હતી. આ પાટી પણ કથિત રીતે એલ્વિશ દ્વારા હોસ્ટ કરવામાં આવી હતી. તેની ધરપકડના પાંચ દિવસ બાદ કોર્ટે એલ્વિશને જામીન આપ્યા હતા. ગયા મહિને પોલીસે આ કેસમાં એલ્વિશ અને અન્ય ૮ વ્યક્તિઓ વિરુદ્ધ ૧૨૦૦ પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી. હવે આ ચાર્જશીટ... ...ગતો બહાર આવી છે. પોતાની આવકના સ્ત્રોત વિશે જણાવતાં એ... ...વીડિયો બનાવીને યુટ્યુબ પર અપલોડ કરું છું અને જો ક્યાંક ...ો હું ત્યાં જઈને વીડિયો બનાવીને અપલોડ કરું છું YouTube ...વાય તે 'સિસ્ટમ'માં જોડાયો છે. તે સિસ્ટમથી ૮-૧૦ લાખ રૂ... ...થઈ શકે છે. ચાર્જશીટમાં એલવીશે કબૂલાત કરી છે કે તેણે સાપ... ...ઓ સાથે વીડિયો શૂટ કર્યો હતો. જોકે, તેણે પોતાની સ... ...ને નકારી કાઢ્યા હતા. એલ્વિશે દાવો કર્યો હતો ... માટે કરવામાં આવ્યો હતો, નશા માટે ... કહ્યું કે, તે જાણતો હતો કે આવું કરવું ... કર્યો છે કે તે રાહુલ કે અન્ય કોઈ સાપ ... આમંત્રિત કરવાના આરોપને નકારતા એલવિશે કહ્યું કે તે રેવ પાટીઓમાં ગયો છે પરંતુ તેણે આ પાર્ટીઓમાં આવનારી છોકરીઓની ઓળખ વિશે કંઈપણ જાહેર કર્યું નથી. તેણે કહ્યું, 'ક્યારેક હું પાટીનો ખર્ચ ચૂકવતો હતો અથવા ક્યારેક મારા મિત્રો તેને ચૂકવતા હતા. પાટી પછી, સાપ ચાર્મર્સ ખાતા અને પીતા. એલવીશે કહ્યું કે તે માત્ર એક-બે વાર નોઈડા આવ્યો છે. તેણે કહ્યું કે તે વિદેશમાં પણ રહ્યો છે અને તે સાપથી ડરતો નથી. નોઈડા પોલીસના જણાવ્યા અનુસાર, એલ્વિશ ખતરનાક રીતે પ્રાણીઓ સાથે વીડિયો શૂટ કરીને ગંભીર ગુનો કર્યો છે.



### મેકર્સે બીજા ગીત વિશે મોટી માહિતી આપી

# 'પુષ્પા' પછી હવે 'શ્રીવલ્લી'નું જોવા મળશે ટશન : પુષ્પા ૨નું બીજું ગીત

## મૈત્રી મૂવી મેકર્સે અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાના સ્ટારર બહુપ્રતિક્ષિત ફિલ્મ 'પુષ્પા ૨ઃ ધ રૂલ'ના બીજા ગીતના રિલીઝ પહેલા જ એક મોટું અપડેટ આપ્યું છે

મૈત્રી મૂવી મેકર્સે અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાના સ્ટારર બહુપ્રતિક્ષિત ફિલ્મ 'પુષ્પા ૨ઃ ધ રૂલ'ના બીજા ગીતના રિલીઝ પહેલા જ એક મોટું અપડેટ આપ્યું છે. ફિલ્મનું નવું ગીત જે સતત હેડલાઈન્સ બનાવી રહ્યું છે તે આવતીકાલે એટલે કે ગુરુવારે રિલીઝ થશે. ફિલ્મનું પહેલું ગીત 'પુષ્પા પુષ્પા' રિલીઝ થયા બાદથી જ ટ્રેન્ડ કરી રહ્યું છે અને હવે ફિલ્મનું વધુ એક નવું ગીત આવવાનું છે. જ્યારે પહેલા ગીતમાં અલ્લુ અર્જુનનો સ્વેગ જોવા મળ્યો હતો, બીજા ગીતમાં રશ્મિકા મંદાનાની જ્વલંત સ્ટાઈલ જોવા મળશે, જેમાં તે પોતાના ત્રાંસી દેખાવ અને શાર્પ રીતભાતથી લોકોના દિલ જીતી લેશે.નિર્માતાઓએ બીજા ગીતનું ટીઝર પોસ્ટર રિલીઝ કર્યું છે. પોસ્ટર જણાવે છે




કે તે 'સામી સામી' જેવો બીજો આકર્ષક ટ્રેક બનવા જઈ રહ્યો છે. રશ્મિકા મંદન્ના પણ તેમાં શ્રીવલ્લીની ભૂમિકામાં જોવા મળશે. સોશિયલ મીડિયા પર આ વિશે પોસ્ટ કરતી વખતે, નિર્માતાઓએ કેપ્શન લખ્યું છે, 'પુષ્પા પુષ્પા સાથે પુષ્પા રાજના ટેકઓવર પછી, હવે સમય આવી ગયો છે કે આપણે બધાને કપલ શ્રીવલ્લી અને તેના સામી માટે ક્રેઝી બનાવીએ. પુષ્પાનું બીજું ગીત આવતીકાલે સવારે ૧૧:૦૭ વાગ્યે રિલીઝ થશે. આ ફિલ્મ ૧૫ ઓગસ્ટે ભવ્ય રીતે રિલીઝ થવાની છે.ફિલ્મની વાત કરીએ તો 'પુષ્પા ૨ઃ ધ રૂલ'નું ટીઝર રિલીઝ કરવામાં આવ્યું હતું અને થોડા દિવસો બાદ ફિલ્મનું પહેલું ગીત રિલીઝ કરવામાં આવ્યું હતું. આ ગીતે ધૂમ મચાવી છે અને હવે લોકો બીજા ગીતની રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મ અન્ય કોમર્શિયલ પોટબોઈલર તરીકે સમાપ્ત થશે. ટીઝર રિલીઝ થયા બાદથી જ ચાહકો અને દર્શકોમાં ફિલ્મના દરેક અપડેટને લઈને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. 'પુષ્પા ૨ ધ રૂલ' ૧૫ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. સુકુમાર દ્વારા દિગ્દર્શિત અને માયથરી મૂવી મેકર્સ દ્વારા નિર્મિત, આ ફિલ્મમાં અલ્લુ અર્જુન, રશ્મિકા મંદન્ના અને ફહદ ફાસિલ મુખ્ય ભૂમિકામાં છે.

### હેલ્થ અપડેટ

# શાહરૂખ ખાનને થયો હીટ સ્ટ્રોક

શાહરૂખ ખાન હેલ્થ અપડેટ: અભિનેતાના મેનેજર કહે છે 'તે સારું કરી રહ્યો છે' શાહરૂખ ખાન પાછો ફર્યો છે અને હવે સારું લાગે છે. જુહી ચાવલા પછી, શાહરૂખ ખાનની મેનેજર પૂજા દદલાનીએ ચાહકોને માહિતી આપી કે મેગાસ્ટાર હવે સારું કરી રહ્યો છે. શાહરૂખ ખાન પાછો ફર્યો છે અને હવે સારું લાગે છે. જુહી ચાવલા પછી, શાહરૂખ ખાનની મેનેજર પૂજા દદલાનીએ ચાહકોને માહિતી આપી કે મેગાસ્ટાર હવે સારું કરી રહ્યો છે. શાહરૂખને અગાઉ હીટ સ્ટ્રોક થતાં અમદાવાદની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. SRK આ રવિવારે ઈન્ડિયન પ્રીમિયર લીગ ફાઈનલમાં તેની ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સને સમર્થન આપવા માટે પાછો આવશે. તેની ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર લઈ જઈને પૂજા દદલાનીએ લખ્યું, "મિસ્ટર ખાનના તમામ ચાહકો અને શુભેચ્છકો માટે- તે સારું કરી રહ્યા છે.



# વિકી કૌશલ સાથે લંડનની સડકો પર જોવા મળી કેટરિના

## જ્યારે પણ બંનેની કોઈ તસવીર કે વિડિયો સામે આવે છે ત્યારે લોકો તેમના વખાણ કરતા થાકતા નથી અને કહે છે

કેટરિના કેફ અને વિકી કૌશલને લોકો ખૂબ પસંદ કરે છે. તેમની જોડી લોકોની પસંદ છે. જ્યારે પણ બંનેની કોઈ તસવીર કે વિડિયો સામે આવે છે ત્યારે લોકો તેમના વખાણ કરતા થાકતા નથી અને કહે



છે કે તેઓ એકબીજા માટે બનેલા છે. આ દિવસોમાં બંને લંડનમાં છે અને ક્વોલિટી ટાઈમ વિતાવી રહ્યા છે. હાલમાં જ બંનેનો લંડનના રસ્તાઓ પર હાથ જોડીને ચાલતા હોવાનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જે રિલીઝ થતાની સાથે જ વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો જોયા બાદ નવી ચર્ચા શરૂ થઈ ગઈ છે અને લોકો કહી રહ્યા છે કે કેટરિના કેફ પ્રેગ્નન્ટ છે. હવે અમે તમને જણાવીએ કે આ અફવાઓ કેવી રીતે શરૂ થઈ અને લોકોએ વીડિયોમાં શું જોયું.જે વીડિયો સામે આવ્યો છે તેમાં તમે જોઈ શકો છો કે કેટરિના કેફ અને વિકી કૌશલ બંને ફૂટપાથ પર સાથે ચાલી રહ્યા છે. અભિનેતા કેટરિના કેફને સંભાળતા



જોવા મળે છે. વિકી કૌશલ બ્લૂ આઉટફિટમાં જોવા મળી રહ્યો છે. જ્યારે કેટરીના કેફે જીન્સ અને સફેદ બ્લાઉઝ સાથે લાંબો કોટ પહેર્યો છે, જે એકદમ ઢીલો છે અને તે પહેરીને તે એકદમ ફેટી લાગી રહી છે. વીડિયો જોયા બાદ લોકોને લાગે છે કે કેટરિના કેફ તેના બેબી બમ્પને કોટમાં છુપાવી રહી છે. કેટરિના કેફ અને વિકી કૌશલ આરામથી ફરતા જોવા મળે છે. જોકે, હાલમાં આ કપલ તરફથી કોઈ પુષ્ટિ થઈ નથી. કેટરિના અને વિકી બંનેએ આ અફવાઓની પુષ્ટિ કરી નથી.કેટરિના કેફ અને વિકી કૌશલનો આ વીડિયો જોયા બાદ એક વ્યક્તિએ લખ્યું કે, 'તે પોતાના બેબી બમ્પને પણ છુપાવી રહી છે!' અન્ય એક વ્યક્તિએ લખ્યું, 'હવે કેટરિના પણ ગર્ભવતી છે.' અન્ય એક વ્યક્તિએ લખ્યું, 'વિકી અને કેટરિનાને પણ બાળક થવાનું છે.' વિકી કૌશલ અને કેટરીના કેફના લગ્નને હવે ત્રણ વર્ષ થઈ ગયા છે. તેઓએ વર્ષ ૨૦૨૧માં રાજસ્થાનમાં લગ્ન કર્યા હતા. બંનેએ લાંબા સમયથી પોતાના સંબંધોને છુપાવીને રાખ્યા હતા.

# ભાઈ રિતિક રોશન પાસેથી સલાહ લીધી

## નિર્માતાઓએ ઇવેન્ટમાં સ્પષ્ટતા કરી હતી કે આ ફિલ્મ ૨૦૦૩ની રોમ-કોમની રિમેક નથી

પશ્મિના રોશન 'રોશન પરિવાર'થી બોલિવૂડમાં ડેબ્યૂ કરવા જઈ રહી છે. તે હૃતિક રોશનની પિતરાઈ બહેન છે અને તેની ચર્ચા દરેક જગ્યાએ થઈ રહી છે. હાલમાં જ 'ઈશ્ક વિશ્ક રિબાઉન્ડ'નું ટાઈટલ ટ્રેક રિલીઝ થયું છે, જેમાં પશ્મિના રોશન, નાયલા ગ્રેવાલ, જિબ્રાન ખાન અને રોહિત સરાફ મુખ્ય ભૂમિકામાં જોવા મળ્યા હતા. ચારેય કલાકારો એક ભવ્ય કાર્યક્રમમાં મીડિયાને મળ્યા હતા. આ દરમિયાન પશ્મિના રોશને જણાવ્યું કે વારસાને આગળ વધારવા માટે પરિવાર તરફથી તેના પર ઘણું દબાણ છે. પરંતુ તેણીને ચિંતા નથી. કારણ કે ભાઈ રિતિક રોશને તેને એક સલાહ આપી છે. પશ્મિનાએ કહ્યું- ગર્વની સાથે હું દબાણ પણ અનુભવી રહી છું. મારા નામની આગળ જે અટક લગાવવામાં આવે છે તે મોટી વાત છે. મારા પરિવારના સભ્યોએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જે કામ કર્યું છે તેના પર મને ગર્વ છે. મારા પર નસીબ, અભિમાન અને સપોર્ટને કારણે દબાણ છે જેનાથી હું ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશી રહી છું. પરંતુ હું ભાઈ રિતિક રોશનની સલાહને અનુસરું છું. હું મારા કામથી મારી છાપ બનાવીશ અને દર્શકોના દિલો પર રાજ કરીશ, આ મારું આપ સૌને વચન છે. અને હું આ બાબતે પણ થોડું દબાણ અનુભવું છું. મને ખબર નથી કે મારા ભવિષ્યમાં શું લખાયેલું છે, પરંતુ હું સખત મહેનત કરીશ. પશ્મિનાએ કહ્યું- મને હૃતિક ભાઈ પાસેથી તેમની સલાહ જ નહીં પરંતુ તેમની મેન્ટરશિપ પણ મળે છે. તે મને હંમેશા એક જ વાત સમજાવે છે કે તમે જે કામ કરી રહ્યા છો તેમાં પ્રમાણિકતા લાવો, તમારું ૧૦૦ ટકા આપો, જો તમે આ બે વસ્તુઓ કરશો તો તમે જીવન અને કારકિદીમાં સેટ થઈ જાઓ છો. હૃતિક ભાઈ મને આ સલાહ આપતા રહે છે.



**ગર્વની સાથે હું દબાણ પણ અનુભવી રહી છું.**

### વજન વધાર્યું માથું કપાવ્યું, પછી રોલ મળ્યો

# રાજેશ કુમારે જણાવ્યું કે તેણે શા માટે અભિનય છોડીને ખેતી કરવાનું શરૂ કરી

રાજેશ કુમાર ટેલિવિઝન ઉદ્યોગનો જાણીતો ચહેરો છે. વર્ષોથી, તે 'સારાભાઈ વિરુદ્ધ સારાભાઈ'માં રોચેશ સારાભાઈનું પાત્ર ભજવવા માટે જાણીતા છે. રોશેશના પાત્રથી રાજેશ કુમારને ઈન્ડસ્ટ્રીમાં ઓળખ મળી હતી. પરંતુ આ પાત્રને કારણે તેને ઈન્ડસ્ટ્રીમાં આગળ કામ મેળવવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. એક સમય એવો હતો જ્યારે રાજેશે એક્ટિંગ છોડીને ખેતી કરવાનું શરૂ કર્યું હતું. હવે તેમના લેટેસ્ટ ઈન્ટરવ્યુમાં રાજેશ કુમારે તેમના જીવનના એ સમયગાળા વિશે વાત કરી છે. ડીજીટલ કોમેન્ટરી સાથેની વાતચીત દરમિયાન રાજેશ કુમારને પૂછવામાં આવ્યું કે લોકો ખેતીના કામને આટલી નીચી વસ્તુ કેમ જુએ છે? આના પર રાજેશે કહ્યું, 'તમારે જાતે જ જોવું પડશે. હું કેમ કૂદી પડ્યો? મારી કારકિદીની ઊંચાઈએ હું ૪૧ વર્ષની ઉંમરે ખેતીમાં કેમ ગયો? પત્ની, બાળક અને બીજા બધા સાથે. સિરિયલનું બધું કામ ચાલી રહ્યું હતું, પરંતુ મેં જાતે જ તે ન કરવાનું પસંદ કર્યું. કારણ કે મને લાગતું હતું કે ખેતી એ મારા જીવનનું સૌથી મોટું લક્ષ્ય છે. આનાથી પૈસા આવશે કે નહીં તે તે સમયે મારો હેતુ નહોતો. પણ હા, તમારા મનમાં એ છે કે તમે જે પણ કામ કરો છો તેને સફળ બનાવવું જોઈએ જેથી સામેની વ્યક્તિ તેને પકડી શકે. ઘણી દુર્ઘટનાઓ થઈ. મારે ઘણી બધી કસોટીઓમાંથી પસાર થવું પડ્યું. પણ એ મારી સફર છે. રાજેશ કુમારને પૂર, લોકડાઉન, ખેતરો સળગાવવા જેવી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો.



### સુચનાનું પાલન ન થાય તો શ્રમિકો હેલપલાઈન પર ફરિયાદ કરી શકશે

# બાંધકામ શ્રમિકોને અસહ્ય ગરમીને પગલે વિશ્રામનો સમય ફાળવવા સુચના

### ઉનાળાની સિઝનમાં અવારનવાર પડતી અતિશય ગરમીના કારણોસર લૂ લાગવી કે અન્ય સ્વાસ્થ્ય સંબંધિત જોખમો સામે રક્ષા મળે તે જરૂરી છે



। (એજન્સી) ગાંધીનગર, તા.૨૩ ।

ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કર્સ રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ), એક્ટ (કન્ડીશન્સ ઓફ સર્વીસ૧૯૯૬ હેઠળની બાંધકામ સાઈટમાં મકાન અને અન્ય બાંધકામની કામગીરીમાં રોકાયેલ બાંધકામ શ્રમિકોને પ્રવર્તમાન ઉનાળાની સિઝનમાં અવારનવાર પડતી અતિશય ગરમીના કારણોસર લૂ લાગવી કે અન્ય સ્વાસ્થ્ય સંબંધિત જોખમો સામે રક્ષા મળે તે જરૂરી છે.

આ હેતુસર બપોરે ૧:૦૦ થી ૪:૦૦ના સમયગાળા દરમ્યાન ખુલ્લી જગ્યા કે જ્યાં સૂર્યના તાપની સીધી અસર પડે તેવી જગ્યાએ તમામ બાંધકામ પ્રવૃતિ કરાવનાર બિલ્ડર્સ, એમ્પ્લોયર્સ, કોન્ટ્રાકટર્સ વગેરેને બાંધકામ પ્રવૃતિ સાથે સંકળાયેલ શ્રમયોગીને આગામી એપ્રિલ-૨૦૨૪ તથા જૂન-૨૦૨૪ સુધી ઉક્ત સમયગાળા પૂરતો આરામ/વિશ્રામ માટેનો સમય ખાસ કિસ્સામાં ફાળવવા સૂચના આપવામાં આવે છે. ઉપરાંત આ પ્રકારે ફાળવેલ વિશ્રામના સમયને ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી નિયમો- ૨૦૦૩ના નિયમ-૫૦(૨) મુજબનો વિશ્રામ નો સમય ગણવાનો રહેશે. તેમજ નિયમ-૫૦(૩) મુજબ આ રીતે આપવામાં આવનાર વિશ્રામના સમયગાળા સહિતનો કુલ સ્પ્રેડ ઓવર સમય દિવસમાં બાર કલાક કરતાં વધે નહી તેનું ધ્યાન રાખવા આથી સૂચના આપવામાં આવેલ છે. ઉક્ત જણાવેલ સુચનાનું પાલન નહી કરવા બદલ શ્રમિક હેલ્પલાઈન નંબર-૧૫૫૩૭૨ ઉપર ફરિયાદ નોંધાવી શકાશે.

### પાલડીમાં જૈનોની સોસાયટી પાસેના પ્લોટને લઈને ફરિયાદ નોંધાઈ

# અમદાવાદમાં અશાંતિધારા ભંગની ફરિયાદ નોંધાઈ

। (એજન્સી) અમદાવાદ,તા.૨૩ ।

અમદાવાદમાં અશાંતિધારાના ભંગની ફરિયાદ નોંધાઈ છે. પાલડીમાં જૈનોની સોસાયટી પાસેના પ્લોટને લઈને ફરિયાદ નોંધાઈ છે. પ્લોટ મુસ્લિમ બિલ્ડરને બાંધકામ માટે આપવામાં આવ્યો હતો. ધારાસભ્યએ સીએમને રજૂઆત કરી હતી. રજૂઆત બાદ બાંધકામ અટકાવવામાં આવ્યું હતું. અમદાવાદના પાલડી વોર્ડમાં એએમસીની જગ્યામાં મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ મકાનો બનાવવામાં આવ્યા બાદ બિલ્ડરને ટી.ડી.આર. હેઠળ મળેલા પ્લોટમાં અશાંત ધારાનો ભંગ કરીને બિલ્ડરે પોતાના કર્મચારીને જોડે રાખી પાવર ઓફ એટર્નીથી ફ્લેટ બનાવ્યા હોવાની વાતની મુખ્યમંત્રી સુધી રજૂઆત કરવામાં આવી છે. પાલડીમાં કાશ્મીરા સોસાયટી પાસે અમદાવાદ મ્યુનિ.ની ૩૫૦૦૦ ચોરસ વાર જગ્યા પૈકી સીએમ ગરીબ આવાસ યોજના હેઠળ ૧૨૬ મકાન બનાવવામાં આવ્યા હતા. એએમસીની નીતિ મુજબ બિલ્ડરને ટ્રાન્સફરેબલ ડેવલપમેન્ટ રાઈટ્સ સાથે ૧,૫૦૦ મીટરનો ચોરસ મીટરનો પ્લોટ તંત્ર તરફથી આપવામાં આવ્યો હતો. બિલ્ડરે આ પ્લોટ-માં તેના કર્મચારીને જોડે રાખીને તેના નામના પાવર ઓફ એટ-ર્નીનો ઉપયોગ કરીને એલાઈટ હ્યુમન સ્પેસ પ્રાઈવેટ લિમિટેડ સાથે કરાર કરી ફ્લેટ બનાવવાનું શરૂ કર્યુ હતું. આના પગલે સ્થાનિક રહીશે કોર્પોરેટર અને વિધાનસભ્યનું ધ્યાન દોર્યુ હતુ. કોર્પોરેટરે ધારાસભ્યનું ધ્યાન દોરતા તેમણે સીએમને રજૂઆત કરી આ અંગે ઘટતું કરી તાકીદે કાર્યવાહી કરવા વિનંતી કરી હતી.

### MGVCLએ પોતાની ભૂલ સ્વીકારી લીધી

# વડોદરામાં ભાડુઆતમાં ઘરે સ્માર્ટ મીટર લગાવ્યા બાદ આવ્યું અધધ બિલ

### સાદા વીજ-મીટરની સરખામણીમાં વધુ વીજ બિલ આવતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે

। (એજન્સી) વડોદરા, તા.૨૩ ।

વડોદરા શહેરમાં ભાડે રહેતા પરિવારના ઘરમાં સ્માર્ટ મીટર લગાવ્યા બાદ એટલું બિલ આવ્યું કે પરિવારના સભ્યોને આશ્ચર્ય લાગ્યો હતો. વાત કરીએ તો ભાડે રહેતા પરિવારના ઘરમાં સ્માર્ટ મીટર લગાવ્યા અધધધ ૯ લાખ રૂપિયા વીજ બિલ આવ્યું છે.

રાજ્યના સ્માર્ટ શહેરોમાં સાદા વીજ-મીટરને બદલે સ્માર્ટ વીજ મીટર લગાડવાની કામગીરી ચાલી રહી છે. જેની સામે સામાન્ય લોકો દ્વારા સાદા વીજ-મીટરોની સરખામણીમાં વધુ વીજ-બિલ આવતા હોવાના આક્ષેપ સાથે ભારે હોબાળો મચાવ્યો છે.

છેલ્લા થોડા દિવસથી ગુજરાતના અનેક શહેરોમાં સ્માર્ટ મીટર નાંખવામાં આવી રહ્યા છે. કેટલીક જગ્યાએ આનો વિરોધ થઈ રહ્યો છે તો કેટલાક લોકો આ નિર્ણયને સારો ગણાવી રહ્યા છે. ત્યારે વડોદરામાં સ્માર્ટ મીટર લગાવ્યા બાદ ભાડાના મકાનમાં રહેતા વ્યક્તિને મસમોટું નવ લાખ રૂપિયાનું બિલ આવ્યુ છે. જોકે, આ વ્યકતિના મુદ્દો ધ્યાનમાં આવ્યા બાદ એમજીવીસીએલએ પોતાની ભૂલ સ્વીકારી લીધી છે અને નવા બિલનો એસએમએસ પણ મોકલી દેવામાં આવ્યો. શહેરના ગોરવા વિસ્તારના રિદ્ધિ સિદ્ધિ ફ્લેટ-માં ભાડાના મકાનમાં રહેતા મૃત્યુંજય નામના વ્યક્તિએ સ્ફ્ઝન્પર મોટો આક્ષેપ કર્યો છે. તેમણે મોબાઈલમાં બિલની કોપી બતાવી દાવો કર્યો છે કે, સ્માર્ટ મીટર લગાવ્યા બાદ ૯ લાખ ૨૪ હજાર રૂપિયાનુ બિલ આવ્યું છે. આ બિલ જોઈને તે પોતે પણ અચરજમાં મુકાઈ ગયા હતા. આ અંગે તેમણે જણાવ્યુ છે કે, સામાન્ય રીતે દર બે મહિને મારા ઘરનું ઈલેક્ટ્રિક બિલ ૧૫૦૦થી બે હજાર રૂપિયા આવતું હોય છે. પરંતુ આ વખતે સ્માર્ટ મિટર લગાવ્યા બાદ મને મેસેજ આવ્યો કે, મારું બિલ ૯,૨૪,૨૫૪ રુપિયા બિલ આવ્યુ છે.

રાજ્યના સ્માર્ટ શહેરોમાં સાદા વીજ-મીટરને બદલે સ્માર્ટ વીજ મીટર લગાડવાની કામગીરી ચાલી રહી છે. જેની સામે સામાન્ય લોકો દ્વારા સાદા વીજ-મીટરોની સરખામણીમાં વધુ વીજ-બિલ આવતા હોવાના આક્ષેપ સાથે ભારે હોબાળો મચાવ્યો છે. વિરોધ પક્ષ પણ આ મુદ્દે સરકારની સામે આવી ગયુ છે. જેને કારણે ગાંધીનગરમાં સરકારે વીજ-કંપનીઓના એમડી સાથે એક બેઠક યોજી હતી.

### કોંગ્રેસના કદાવર નેતાએ કર્યો ધડાકો

# એક બે નહીં અમે ગુજરાતમાં ૧૦ સીટો જીતી રહ્યાં છીએ

### કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ગુજરાતના પ્રભારી મુકુલ વાસનિકે ૧૦ સીટો જીતવાનો દાવો કર્યો છે

। (એજન્સી) દાવાદ, તા.૨૩ ।

ગુજરાતમાં લોકસભાની ૨૫ બેઠકોની ચૂંટણી બાદ તમામ સરવેમાં ભાજપ ૨૫માંથી ૨૫ સીટો જીતશે તેવી આગાહીઓ કરાઈ રહી છે. ભાજપ ને પણ આશા છે કે એક બિનહરિફ બાદ અમે તમામ ૨૫ બેઠકો જતશું, જોકે ૫ લાખની લીડના પાટીલના સપનાં પૂરાં થાય તેવી કોઈ સંભાવના નથી. ગુજરાતમાં મતદાન ઘટતાં ભાજપે ફરી સમીકરણો ગોઠવવા પડશે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે ભાવનગરમાં ૪ બેઠકો જીતવાના કરેલા દાવા વચ્ચે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ગુજરાતના પ્રભારી મુકુલ વાસનિક આજે અમદાવાદ પહોંચ્યા છે. જેઓએ ૧૦ સીટો જીતવાનો દાવો કર્યો છે.

ગુજરાતમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા પક્ષના નેતાઓની બેઠક માટે અમદાવાદ પહોંચ્યા હતા. જેઓએ પત્રકારો સાથે વાતચીતમાં મોટા દાવાઓ કર્યા છે. ૭ મેના રોજ ગુજરાતમાં ૨૬ લોકસભા બેઠકોમાંથી ૨૫ લોકસભા બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી. ગુજરાતમાં મતદાન ઘટીને ૬૦ ટકાની આસપાસ રહ્યું છે. સુરત બેઠક પર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલને ચૂંટણી પહેલા બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. આ લોકસભામાં કોંગ્રેસે ૨૩ બેઠકો પર ચૂંટણી લડી હતી અને આમ આદમી પાર્ટીને ભારત ગઠબંધનના ભાગરૂપે બે બેઠકો આપી હતી. જેમાં ભાવનગર અને ભરૂચમાં આપના ઉમેદવારોએ પોતાનું ભવિષ્ય દાવ પર લગાવ્યું છે. અહીં આપ ના ૨ ધારાસભ્યો સાંસદ બનવાના સપનાં જોઈ રહ્યાં છે. ૪ જૂને મત ગણતરી થવાની છે આ દિવસે તમામ આગાહીઓ સાચી ઠરે છે કે ખોટી એ તો બહાર આવી જશે.

"મુકુલ વાસનિકે અમદાવાદમાં મોટા મોટા દાવાઓ કર્યા છે. દેશમાં બધે પરિવર્તનની લહેર જોવા મળી શકે છે. અમે કહેતા આવ્યા છીએ કે જનતાના સમર્થનથી અમે ૧૦થી વધુ બેઠકો જીતીશું . જો અમને આવું પરિણામ મળે તો નવાઈ નહીં. ગુજરાતમાં ચૂંટણી પૂર્ણ થઈ અને પરિવર્તનની લહેર દેખાઈ રહી છે. ૪ જૂને મત ગણતરીમાં પરિવર્તન દેખાશે કોંગ્રેસને ફાયદો થશે. હાલમાં bjp માટે નારાજગી જોવા મળી રહી છે. લોકોમાં bjp માટે રોષ હતો જે વોટમાં પરિવર્તીત થયો છે. જનતાનો રોષ એ ૪ જૂને પરિણામમાં સાબિત થશે.

"જ્યારે મતોની ગણતરી થશે, ત્યારે હું માનું છું કે પરિવર્તન આવશે અને અમે ભારતીય જનતા પાર્ટીને હરાવીશું," છેલ્લા ૧૦ વર્ષોમાં જે રીતે લોકોને ગેરમાર્ગે દોરવામાં આવ્યા હતા તેનાથી સરકાર સામે એક પ્રકારનો રોષ પેદા થયો છે," તેમણે દાવો કર્યો હતો, આ પરિણામોમાં લોકોનો ગુસ્સો પ્રતિબિંબિત થશે. અમે ગુજરાતમાં ૧૦ થી વધુ બેઠકો જીતવાની અપેક્ષા રાખી રહ્યાં છીએ.

### માલિક પાસે ફાયર NOC નહીં હોવાનો ખુલાસો થયો

# નિકોલ રિંગરોડ પરસ્થિત LED બનાવતી ફેક્ટરીના ગોડાઉનમાં આગ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

ગરમીને કારણે આગ લાગવાની ઘટનાઓ બની રહી છે. ત્યારે શહેરના નિકોલ વિસ્તારમાં રિંગરોડ પર સ્થિત LED બનાવતી ફેક્ટરીના ગોડાઉનમાં આગ લાગવાની ઘટના બની હતી. ઘટનાની જાણ થતાં જ નિકોલ ફાયર સ્ટેશનની સાત ગાડીઓ તાત્કાલિક ઘટના સ્થળે રવાના થઈ હતી. જે ગોડાઉનમાં આગ લાગી હતી ત્યાં ફાયરના જવાનોએ પાણીનો મારો ચલાવીને આગને કાબુમાં લીધી હતી. જે ગોડાઉનમાં આગ લાગી હતી તેના માલિક પાસે ફાયર NOC નહીં હોવાનો ખુલાસો થયો છે. ફાયર બ્રિગેડ વિભાગ દ્વારા તેઓને નોટિસ આપવાની કાર્યવાહી કરવામાં આવશે. ફાયરબ્રિગેડ પાસેથી મળતી માહિતી મુજબ નિકોલ વિસ્તારમાં રિંગરોડ પર વૈભવ એસ્ટેટની બાજુમાં આવેલા રામદેવ એસ્ટેટમાં લાઈટ પેલેસ નામના ગોડાઉનમાં આગ લાગી હોવાની જાણ થઈ હતી. જેથી નિકોલ ફાયર સ્ટેશનની ટીમને જાણ કરવામાં આવતા અધિકારી સહિત સાત જેટલી ગાડીઓ સાથે ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. આગ સમગ્ર ગોડાઉનમાં ફેલાઈ ગઈ હતી. ફાયર બ્રિગેડની ટીમ દ્વારા નીચેથી પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. ત્યાર બાદ સીડી વડે ઉપર પહોંચી તેમાં રહેલા ધુમાડાને દૂર કર્યો હતો. રામદેવ એસ્ટેટમાં ૬, ૭ અને ૮ નંબરમાં લાઈટ પેલેસ નામનું ગોડાઉન આવેલું છે. જેના માલિક ચંદ્રેશ પરષોત્તમભાઈ સોલરિયા છે. એલઈડી લાઈટના રો મિટીરિયલ્સ બનાવવાનું આ ગોડાઉન છે. ગ્રાઉન્ડ ફ્લોરથી લઈને ત્રણ માળના આ ગોડાઉનમાં આગ લાગવાની ઘટના બની હતી. જોકે લાઈટ પેલેસના માલિક દ્વારા ફાયર બ્રિગેડની NOC લેવામાં આવી નહોતી. જેને લઈને અનેક સવાલ ઊભા થયા છે. પૂર્વ વિસ્તારમાં આવેલા આ એસ્ટેટમાં મોટું ગોડાઉન હોવા છતાં પણ માલિક દ્વારા કેમ ફાયર એનઓસી લેવામાં નહોતી આવી અને ફાયર બ્રિગેડની ટીમ દ્વારા આ એસ્ટેટમાં ફાયર એનઓસી લેવામાં આવી છે કે કેમ તે અંગે ચેકિંગ કરવામાં આવ્યું હતું કે નહીં તેને લઈને પણ હવે અનેક સવાલો ઉભા થયા છે.

### ગરમીના કારણે ઝાડવા પર બેઠેલા ચામાચિડીયા ટપોટપ પડ્યા

# હિલોલ ગામમાં ગરમીના કારણે ૨૦૦ જેટલા ચામાચિડીયાના મોત થયા

### ગરમીના કારણે માત્ર માણસો જ નહીં પરંતુ જીવસૃષ્ટિના પશુ-પક્ષીઓ પણ પરેશાન છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૩ ।

ગુજરાતમાં સતત ગરમીનો પારો વધી રહ્યો છે. તાપમાનનો પારો ૪૫ ને પાર જતા હીટવેવની અસરને કારણે સંખ્યાબંધ લોકોની તબીયત બગડી રહી છે. તો કેટલાક લોકોને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. આવામાં ગરમીના કારણે માત્ર માણસો જ નહીં પરંતુ જીવસૃષ્ટિના પશુ-પક્ષીઓ પણ પરેશાન છે. દરમિયાન ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના હિલોલ ગામમાં ગરમીના કારણે વડના ઝાડ પરથી પડીને ૨૦૦ જેટલા ચામાચિડીયાના મોત થયા હોવાના અહેવાલ છે. જાણવા મળી રહ્યું છે કે એક એક કરીને ટપોટપ ચામાચિડીયા નીચે પટકાઈ રહ્યા છે. આ ઘટનાની જાણ થતાં અમદાવાદના પશુ પ્રેમીઓએ પણ દહેગામ ફાયર બ્રિગેડની મદદથી વડના વૃક્ષો પર પાણીનો છંટકાવ કર્યો હતો જેથી અન્ય ચામાચીડિયાને ગરમીથી રાહત મળી શકે. છેલ્લા બે દિવસમાં ગરમીના કારણે દહેગામના હિલોલ ગામની સીમમાં આવેલા વિશાળ વડના વૃક્ષ પરથી ૨૦૦ જેટલા ચામાચિડીયા પડી ગયા છે. આ ઘટનાની માહિતી મળતા અમદાવાદના જીવ દયા પ્રેમી ગ્રુપના સભ્યો હિલોલ પહોંચ્યા હતા. દહેગામ ફાયર બ્રિગેડની મદદથી વૃક્ષો પર પાણીનો છંટકાવ કરી બચી ગયેલા પક્ષીઓને ગરમીમાંથી રાહત અપાઈ હતી. ૪૫ ડિગ્રીની ગરમીમાં હિટસ્ટ્રોકના કારણે પક્ષીઓના મોત થયા હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. દહેગામના હિલોલ ગામમાં આવેલા શિવપુરામાં રોડની બાજુમાં એક વડનું ઝાડ છે. અહીં સેંકડો ચામાચિડીયા રહે છે. ચામાચિડીયા, જે ફક્ત રાત્રે જ દેખાય છે, તે દિવસ દરમિયાન ઝાડની ડાળીઓ પર ઊંધા લટકે છે. જોકે છેલ્લા બે દિવસથી પડી રહેલી અસહ્ય ગરમીનો શિકાર ચામાચિડીયાઓ બન્યા છે. જેના કારણે ચામાચિડીયા નીચે પડીને મૃત્યુ પામ્યા છે. આ અંગેની માહિતી મળતા હિલોલ ગામના વન્યજીવ પ્રેમીએ ગ્રુપના અન્ય સભ્યોને બોલાવ્યા હતા. બાદમાં મૃત ચામાચિડીયાનો નિકાલ કરવામાં આવ્યો હતો. ગરમીના કારણે વૃક્ષો પર રહેતા અન્ય ચામાચિડીયાને રાહત આપવા માટે સર્વાઈવલ ટીમે દહેગામ ફાયર બ્રિગેડને જાણ કરતાં ફાયર ઓફિસર સૂર્યદયસિંહ સ્ટાફ સાથે હિલોલ પહોંચી ગયા હતા.

### પર્વતારોહક કામી રીટા શેરપાએ ઈતિહાસ રચ્યો

# એવરેસ્ટ મેને 30મી વખત માઉન્ટ એવરેસ્ટ સર કર્યું

। (એજન્સી) કાઠમંડુ, તા.૨૩ ।

નેપાળના પર્વતારોહક કામી રીટા શેરપાએ ફરી એકવાર ઈતિહાસ રચ્યો છે. કામી રીટા શેરપાએ આજે સવારે ૩૦મી વખત માઉન્ટ એવરેસ્ટ સર કર્યું છે. આ સાથે ફરી એકવાર તેણે પોતાનો જ રેકોર્ડ તોડ્યો છે. ઉલ્લેખનીય છે કે શેરપાએ પ્રથમ વખત ૧૯૯૪માં ૨૪ વર્ષની ઉંમરે આ શિખર સર કર્યું હતું. કહેવાય છે ને કે જો હિંમત હોય તો વ્યક્તિ શું નથી કરી શક્તી. આનો પુરાવો આપતા નેપાળના 'એવરેસ્ટ મેન' તરીકે પ્રખ્યાત પીઢ પર્વતારોહક ૫૪ વર્ષીય કામી રીટા શેરપાએ આજે ૨૯મી વખતના પોતાના જ રેકોર્ડને તોડીને એક નવો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. તેણે ૩૦મી વખત માઉન્ટ એવરેસ્ટ પર ચઢીને પોતાનો જ અગાઉનો રેકોર્ડ તોડ્યો હતો. આ અંગે માહિતી આપતા નેપાળ સરકારના એક અધિકારીએ અભિનંદન પાઠવ્યા હતા. નોંધનીય છે કે કામી રીટા શેરપા એક જ મહિનામાં બે વખત માઉન્ટ એવરેસ્ટ પર ચઢી ચૂક્યો છે. માઉન્ટ એવરેસ્ટ પર ચઢવાની સીઝન હમણાં જ શરૂ થઈ છે. ૫૪ વર્ષીય શેરપાએ ગયા વસંતઋતુમાં એક સપ્તાહમાં બે વાર ૮,૮૪૮.૮૬-મીટર શિખર પર ચઢ્યા હતા. જે તેઓ ૨૮મી વખત એવરેસ્ટ ચઢ્યા હતા. કામી રીટા એ પર્વતારોહક છે જેણે સાગરમાથાના સૌથી ઊંચા શિખરના ૭૧ વર્ષના લાંબા ઈતિહાસમાં વિશ્વના સૌથી ઊંચા શિખર પર સૌથી વધુ વખત ચઢવાનો રેકોર્ડ બનાવ્યો છે.

